ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Two Month




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-

છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૧ અંક : ૧૧/૧૨ સળંગ અંક : ૨૧૭/૨૧૮ ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૨૬

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઇડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

# મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ અધિવેશનની તસ્વીરી ઝલક...








# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૨૧    અંક-૧૧/૧૨    સળંગ અંક : ૨૧૭/૨૧૮    ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬    વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**
ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**
શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**
એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી**<br>શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ.<br>હાઈસ્કૂલ માણકપુર,<br>તા. માણસા, જિ. ગાંધીનગર<br>(મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ**<br>આર. કે. વિદ્યાલય, પેટલાદ.<br>જિ. આણંદ<br>(મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ**<br>શ્રી ડી. કે. પટેલ સાર્વ.<br>હાઈસ્કૂલ, થુવાવી,<br>તા. ડભોઈ, જિ. વડોદરા.<br>(મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા**<br>આર.એલ. અમૃતિયા હાઈ.,<br>ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-<br>નગર, ગુંદાળા રોડ, ગોંડલ.<br>(મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**
સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**
લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૧ અંક-૧૧/૧૨ સળંગ અંક : ૨૧૭/૨૧૮ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**

## અનુક્રમણિકા


1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ....05
2. મહામંત્રીશ્રીનો પત્ર ....07
3. સંપાદકીય ....09
4. કલા-સંકલિત-શિક્ષણ : શિક્ષણમાં નવો આયામ
   - ડૉ. નીરવ એન. ઠક્કર ....11
5. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન : ગુરૂકુળ વ્યવસ્થા નિર્મૂલનનાં કારણો
   - સંપૂર્ણ જીવન, વડોદરા ....24
6. આચાર્ય સજ્જતા ....- મહેશભાઈ શર્મા ....27
7. पढ़ाई का विज्ञान-१२ ....- પ્રાંજલભાઈ જોષી ....29
8. મૂલ્યાંકન મજેદાર ....- દિનેશ માંકડ ....31
9. શિક્ષણ એક પ્રકાશપુંજ દીપક.... જે જ્ઞાન પ્રગટાવે !
   - જી. એસ. દેધરોટીયા ....34
10. શાળા વિકાસમાં આચર્યની ભૂમિકા અને ગુણો
   - પ્રિ. રસિકભાઈ ડી. ઝાંઝમેરા ....37
11. શાળાના પ્રયોગો : શાળા પુસ્તકાલય ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધન
   - પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી ....40

**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



શ્રી જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો અને શિક્ષણ પરિવાર,**

વસંતના વાયરા વાતા હોય, કોયલના ટહુકા અને કેસૂડાના કેસરી રંગથી જ્યારે પ્રકૃતિ નવો શણગાર સજી રહી હોય, ત્યારે શિક્ષણ જગતમાં પણ બોર્ડની પરીક્ષાઓનો એક અનેરો થનગનાટ જોવા મળે છે. જે રીતે વસંતમાં પાનખર બાદ નવા કુંપળો ફૂટે છે, તેમ આપણી વર્ષભરની મહેનત હવે વિદ્યાર્થીઓના પરિણામરૂપી પુષ્પોમાં પરિવર્તિત થવા જઈ રહી છે.

આ પ્રફુલ્લિત વાતાવરણમાં આપ સૌ કુશળ હશો.

“સફળતા એ કોઈ મંજિલ નથી, પણ એક સતત ચાલતી યાત્રા છે. અને આ યાત્રામાં જેઓ નિષ્ઠાપૂર્વક કર્મ કરે છે, સમય જ તેમનો સાક્ષી બને છે.”

શિક્ષણ જગતના કર્ણધાર તરીકે આપણી ભૂમિકા સમાજના પાયાને મજબૂત કરવાની છે. પરિવર્તનથી ડરવાને બદલે તેને સ્વીકારીને નવી ઊંચાઈઓ સર કરવાનો આ સમય છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ જ્યારે આ અંક આપના હાથમાં આવશે, ત્યારે લગભગ મધ્યાંતરે પહોંચી ગઈ હશે. પરીક્ષા એટલે વિદ્યાર્થીઓના વર્ષભરના પુરુષાર્થની કસોટી.

**"Education is the most powerful weapon which you can use to change the world."**

આ સમયે આપણી ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ, તંદુરસ્ત અને પારદર્શક વાતાવરણ જળવાય તે માટે કેન્દ્ર સંચાલક અને બોર્ડ પ્રતિનિધિ તરીકે આપણી જવાબદારી વિશેષ બની રહે છે. શિસ્તબદ્ધ રીતે પરીક્ષાઓ લેવાય અને વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહી શકે તેવી ભૂમિકા આપણે સૌએ નિષ્ઠાપૂર્વક ભજવવાની રહેશે.

સાથોસાથ, હવે પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ તુરંત જ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર પેપર ચકાસણીની

મહત્ત્વની કામગીરી શરૂ થશે. ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓના ભવિષ્યનો આધાર આપણી સચોટ ચકાસણી પર છે. આ કામગીરીમાં પણ આપણે સમયમર્યાદા અને ગુણવત્તા જાળવીશું તેવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

તાજેતરમાં સંપન્ન થયેલ ૫૪મું ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું અધિવેશન આપણી એકતા અને વૈચારિક સજ્જતાનું પ્રતીક બની રહ્યું. આ શૈક્ષણિક અને વહીવટી અધિવેશનની 'સ્મૃતિ ભેટ' હવે જિલ્લાઓમાં ક્રમશઃ પહોંચતી થઈ ગઈ છે. આ ભેટ આપણા સંગઠનનો સ્નેહ છે. અધિવેશનના વહીવટી સત્રોમાં થયેલ ચર્ચાઓ આપણને શાળાકીય વહીવટને વધુ સુદૃઢ બનાવવામાં માર્ગદર્શક પૂરવાર થશે.

સારસ્વત મિત્રો, સેવા સળંગની બાબતમાં પણ ઘણા બધા જિલ્લાઓમાં કેમ્પ ચાલુ કરેલ છે તેને લગતી કેટલીક બાબતોમાં પણ આપણે COS કક્ષાએ અસરકારક રજૂઆત કરેલ છે.

અંતમાં, બોર્ડની પરીક્ષાઓ અને મૂલ્યાંકનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી અભ્યર્થના સાથે....

મિત્રો, યાદ રાખજો કે :

પરિશ્રમ જ સફળતાની ચાવી છે.

ધૈર્ય અને સંયમ એ વહીવટી કુશળતાના પાયા છે.

આપણે જ્યારે શિક્ષણ અને વહીવટના સંગમ પર ઉભા છીએ, ત્યારે 'એકતા' એ જ આપણું સૌથી મોટું શસ્ત્ર છે. ઋગ્વેદનો આ મંત્ર આપણને હંમેશા માર્ગ બતાવતો રહેશે :

**सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।**
**देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥**

(અર્થાત્ : આપણે સાથે ચાલીએ, સાથે બોલીએ અને આપણા મન એક સરખા વિચારવાળા બને.)

જય હિન્દ!

**"સંઘે શક્તિ કલૌ યુગ"**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરત ચૌધરી**
મહામંત્રીશ્રી

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો કુશળતા ચાહતા કુશળ છીએ.

હોળી ધૂળેટી પર્વની સૌને અનંત શુભકામનાઓ. મિત્રો ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આપ સૌ આ પરીક્ષા યજ્ઞમાં જોતરાયેલા હશો. સમગ્ર શિક્ષણની પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને રહેલો આપણો અધ્યેતા સુખરૂપ તેની કારકિર્દીના અગત્યના વર્ષોમાં સફળતા પ્રાપ્ત કરે એ માટે આપણે સૌએ સહિયારો પ્રયત્ન કરવો રહ્યો. આપણા સૌના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોનું પરિણામ ચોક્કસ સારું મળશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે મા સરસ્વતીના ચરણોમાં પ્રાર્થના.

મિત્રો, વધુમાં જણાવવાનું કે આચાર્ય અને જૂના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે સેવા જોડાણનો આપણને સૌને ખૂબ હેરાન-પરેશાન કરનારો મુદ્દો છેવટે શિક્ષણ વિભાગ કે નાણા વિભાગ દ્વારા નહિ પરંતુ નિયામક શાળાઓની કચેરી દ્વારા સેવા જોડાણ કરવા અંગેના આદેશ થયા બાદ બે મહિના જેટલો સમય વીતવા છતાં આજ દિન સુધી આ પ્રક્રિયા પૂરી કરવા અંગે કોઈ તારીખો જાહેર કરવામાં આવેલ નથી. સદર બાબતે ખૂબ દુર્લક્ષ સેવાતું હોય તેવું આપણે સૌ અનુભવી રહ્યા છીએ. આપણને જે ચેકલિસ્ટ આપવામાં આવ્યું અને આધારો માંગવામાં આવ્યા તેમાં પણ વિસંગતતા છે અને બિનજરૂરી આધારો માંગવામાં આવેલ છે, જેના અનુસંધાને આપણે લેખિત રજૂઆત કરેલ છે અને વહેલામાં વહેલી તકે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓને સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય તે પ્રમાણે માર્ગદર્શન આપવા વિનંતી કરેલ છે. આ ઉપરાંત અવસાન પામેલા અને નિવૃત્ત થયેલા મિત્રોને અગ્રતા આપવા માટે પણ રજૂઆત કરેલ છે. ક્લાર્ક, પટાવાળા, ગ્રંથપાલ અને શિક્ષકોની ખાલી

જગ્યાઓ આગામી નવા શૈક્ષણિક સત્ર જૂન 2026 સુધીમાં ભરવા માટે પણ રજૂઆત કરેલ છે. મિત્રો, આપણે ક્લાર્ક ભરતી બાબતે ભરતી અંગેના આર.આર. વિધાનસભામાં હાલમાં ચાલુ સત્રમાં પસાર થઈ આગળની કાર્યવાહી ઝડપથી થાય તે માટે સતત પ્રયત્નશીલ છીએ. આ ઉપરાંત આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતી, નિભાવ ગ્રાન્ટમાં વધારો તથા 90 કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં સ્માર્ટ ક્લાસ અને કમ્પ્યુટર લેબ, એનપીએસવાળા કર્મચારીઓનું 300 રજાનું રોકડમાં રૂપાંતર વગેરે બાબતો અંગે સમયાન્તરે સતત રજૂઆત કરી રહ્યા છીએ. તા. 01/04/2005 પહેલા જાહેરાત આવેલ હોય અને નિમણૂક ત્યારબાદ થયેલ હોય તેવા મિત્રો તથા તા. 01/04/2005 પછી નિમાયેલા તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા માટે આપણે સૌએ કમર કસવી રહી. રાષ્ટ્રીય સ્તરે આ અંગેની લડત ચાલુ છે, જેમાં સંગઠન દ્વારા આપવામાં આવતા લડતના વિવિધ કાર્યક્રમોમાં આપણે સૌ ખૂબ મોટી સંખ્યામાં જોડાઈએ તો અને તો જ સફળતા મળશે. આપ સૌના સહકારની અપેક્ષા સાથે સૌનો આભાર...

**વંદે માતરમ..... ભારત માતા કી જય....**

આપનો,

**શ્રી ભરત ચૌધરી**

મહામંત્રી,

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# સંપાદકીય લેખ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

પ્રિય વાચકમિત્રો,

માર્ચ મહિનો આપણા જીવનમાં એક વિશેષ સંક્રમણનો સમય છે. શૈક્ષણિક વર્ષનો અંતિમ પડાવ, પરીક્ષાઓની તૈયારી, નવા આયોજનની શરૂઆત અને સાથે જ વસંતઋતુનું આગમન — આ બધું માર્ચને એક નવી ઊર્જા અને નવી દિશા આપે છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પરિવાર તરીકે આપણે આ મહિને ખાસ જવાબદારી અનુભવું જોઈએ. શાળા સંચાલન, શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીહિતને કેન્દ્રમાં રાખીને આ સમયગાળા દરમિયાન દરેક આચાર્યશ્રીનું નેતૃત્વ વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

માર્ચ એટલે મૂલ્યાંકનનો મહિનો — માત્ર વિદ્યાર્થીઓના જ નહીં, પણ આપણા કાર્યપ્રણાલીનો પણ. આપણે ગયા વર્ષ દરમિયાન શું સિદ્ધિ હાંસલ કરી? કયા ક્ષેત્રોમાં સુધારાની જરૂર છે? કયા નવતર પ્રયોગો સફળ રહ્યા? આવા પ્રશ્નો પર ગંભીરતાથી વિચાર કરવાનો આ યોગ્ય સમય છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ટેક્નોલોજીનો વધતો ઉપયોગ, શિક્ષણમાં ગુણવત્તા અને માનવ મૂલ્યોનું સંવર્ધન — આ બધા વિષયો આજે પ્રાસંગિક છે. આચાર્ય તરીકે આપણે માત્ર પ્રશાસક નથી, પરંતુ માર્ગદર્શક, પ્રેરક અને સમાજના મૂલ્યનિર્માતા છીએ.

આ મહિને વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનું તણાવમુક્ત અને સકારાત્મક વાતાવરણ ઊભું કરવું અમારી પ્રથમ ફરજ છે. શાળામાં વિશ્વાસ, સંવાદ અને સહકારનું વાતાવરણ જાળવી રાખવાથી વિદ્યાર્થીઓ વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે.

સાથે જ, હોળી જેવા તહેવારો આપણને રંગો, આનંદ અને એકતાનો સંદેશ આપે છે. વિવિધતામાં એકતા અને પરસ્પર સન્માનના મૂલ્યો શાળાકીય જીવનમાં જીવંત રહે તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ હંમેશા શિક્ષણક્ષેત્રે આચાર્યશ્રીઓના હિત, ગૌરવ અને સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ રહ્યો છે. સંઘ દ્વારા આયોજનબદ્ધ પ્રવૃત્તિઓ, ચર્ચાસત્રો અને માર્ગદર્શન કાર્યક્રમો આપણા વ્યવસાયિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ માર્ચ મહિને આપણે સૌ મળીને પ્રતિબદ્ધતા લઈએ કે –

શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો લાવશો,

વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ અપનાવશો,

નવીનતા અને મૂલ્યઆધારિત શિક્ષણને પ્રોત્સાહિત કરશો,

અને સંઘની એકતા અને સક્રિયતાને વધુ મજબૂત બનાવશો.

વસંતની નવી કૂંપળોની જેમ આપણા પ્રયત્નો પણ નવી સફળતાઓનું સર્જન કરે તેવી શુભકામનાઓ સાથે...

સંપાદકીય શુભેચ્છાઓ....

**આપના,**

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

# કલા-સંકલિત-શિક્ષણ : શિક્ષણમાં નવો આયામ

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**પ્રસ્તાવના**

૨૧મી સદીમાં શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકોમાંથી માહિતી મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ જીવનની સંપૂર્ણ સમજ વિકસાવવાની, સર્જનાત્મકતા પ્રગટાવવાની અને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવાની પ્રક્રિયા છે. રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું કે, "the highest education... which makes our life in harmony with all existence" "સર્વોચ્ચ શિક્ષણ એ આપણને માત્ર માહિતી આપતું નથી, પરંતુ આપણા જીવનના સમગ્ર અસ્તિત્વ સાથે સુસંવાદીતા સાધે છે." આ વિચારધારાને આધારભૂત રાખીને કલા-સંકલિત-શિક્ષણ (Art Integrated Learning - AIL) એક અભિનવ અને રચનાત્મક શૈક્ષણિક પદ્ધતિ તરીકે ઊભરી આવી છે.

ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF 2023) કલા-સંકલિત-શિક્ષણને પ્રમાણભૂત શૈક્ષણિક પદ્ધતિ તરીકે ભલામણ કરે છે. અહીં આપણે કલા-સંકલિત-શિક્ષણની વિભાવના, તેના ઉદ્દેશ્યો, વ્યૂહરચનાઓ, સંશોધન આધારો અને અમલીકરણની પદ્ધતિઓને વિસ્તારથી સમજીશું.

## કલા-સંકલિત-શિક્ષણ શું છે?

### વ્યાખ્યા અને મૂળભૂત સમજ

કલા-સંકલિત-શિક્ષણ (AIL) એ એક શૈક્ષણિક અભિગમ છે - જે 'કલા દ્વારા શીખવા' (learning through the art) અને 'કલા સાથે શીખવા' (learning with the art) પર આધારિત છે. આ પદ્ધતિમાં કલા શીખવા-શીખવવાનું માધ્યમ બને છે અને વિદ્યાર્થીઓ વિવિધ વિષયોના ખ્યાલોને કલાત્મક અનુભવો દ્વારા સમજે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP-2020) સ્પષ્ટપણે જણાવે છે કે : "કલા સંકલન એક આંતર-શાખાકીય શૈક્ષણિક અભિગમ છે, જે શાળામાં શીખવવામાં આવતા વિવિધ વિષયો અને તેની સંકલ્પનાઓ સમજવા માટે કલા અને સંસ્કૃતિના વિવિધ પાસાંઓ અને સ્વરૂપોનો ઉપયોગ કરે છે. અનુભવજન્ય શિક્ષણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે, કલા-સંકલિત-શિક્ષણ વર્ગખંડના વ્યવહારોમાં સમાવિષ્ટ કરવામાં આવશે."

કલા-સંકલિત-શિક્ષણમાં લલિત કલાઓ / દશ્ય કલાઓ (ચિત્રકામ, શિલ્પકલા, મૂર્તિકામ, હસ્તકલા, કાગળની કલા, માસ્ક અને કઠપૂતળી નિર્માણ, વારસાગત કલાઓ વિગેરે ) તેમજ પ્રદર્શન કલાઓ (સંગીત, નૃત્ય, નાટક, કઠપૂતળી કલા, ફિલ્મ નિર્માણ, વિગેરે ) નો સમાવેશ થાય છે.

**કલા-સંકલિત-શિક્ષણનું મહત્ત્વ**

કલા-સંકલિત-શિક્ષણ માત્ર માહિતી પ્રદાન કરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં :

- સર્જનાત્મક ચિંતન વિકસાવે છે.
- સમસ્યા ઉકેલ ક્ષમતા વિકસાવે છે.
- સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો પ્રગટાવે છે.
- બહુ-સંવેદનાત્મક અનુભવો આપે છે.
- સાંસ્કૃતિક ગૌરવ અને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે.

**ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય**

ભારતમાં કલા દ્વારા શિક્ષણના વિચારની ઊંડી પરંપરા છે :

**રવીન્દ્રનાથ ટાગોર અને દેવી પ્રસાદ :** રવીન્દ્રનાથ ટાગોરે કલા દ્વારા શિક્ષણનો વિચાર-દીપ પ્રગટાવ્યો હતો. તેમના વિદ્યાર્થી દેવી પ્રસાદે આ વિચારને 'આર્ટ: ધ બેસિસ ઓફ એજ્યુકેશન' પુસ્તકમાં એક સંપૂર્ણ માર્ગદર્શિકા તરીકે વિકસાવ્યો.

**મહાત્મા ગાંધી**એ 'નઈ તાલીમ' કાર્યક્રમમાં હસ્તકલા અને ક્રિયાત્મક શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેઓ માનતા હતા કે હસ્તકલા વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં સહાયક બને છે.

**શ્રી અરબિંદો**એ સંગીત, કલા, નૃત્ય, નાટક અને હસ્તકલામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને શિક્ષણનો આવશ્યક ભાગ ગણાવ્યો. તેમણે 'કરીને શીખવા' (learning by doing) ના સિદ્ધાંત પર ભાર મૂક્યો.

**નંદલાલ બોઝ :** તેમણે જણાવ્યું કે જો શિક્ષણનો ધ્યેય સંપૂર્ણ વિકાસ છે, તો કલા સર્જન એ શિક્ષણમાં વાંચન અને લેખન જેટલું જ મહત્ત્વનું છે.

પશ્ચિમમાં જોન ડ્યુવી, હર્બર્ટ રીડ, લેવ વાયગોટ્સ્કી અને એલિયટ આઈઝનર જેવા વિદ્વાનોએ પણ કલા દ્વારા શિક્ષણને મહત્ત્વ આપ્યું છે.

**સંરચનાવાદી શિક્ષણ સિદ્ધાંત અને કલા સંકલન :**

કલા-સંકલિત-શિક્ષણ સંરચનાવાદી શિક્ષણ સિદ્ધાંત (Constructivist Learning Theory) પર આધારિત છે. સંરચનાવાદ અનુસાર, વિદ્યાર્થીઓ પોતે પોતાના અનુભવો દ્વારા જ્ઞાનનું નિર્માણ કરે છે. કલા-સંકલિત-શિક્ષણમાં વિદ્યાર્થીઓ:

- નિરીક્ષણ કરે છે.
- કલ્પના કરે છે.
- અન્વેષણ કરે છે.
- જ્ઞાનનું સર્જન કરે છે.
- જ્ઞાનનું પુનઃસર્જન કરે છે.
- અભિવ્યક્ત કરે છે.

આ તમામ તબક્કાઓમાં શીખવાના ત્રણ ક્ષેત્રો - જ્ઞાનાત્મક (Cognitive), સામાજિક-ભાવનાત્મક (Affective) અને શારીરિક-ક્રિયાત્મક (Psychomotor) - સંકળાયેલા હોય છે.

## કલા-સંકલિત-શિક્ષણના ઉદ્દેશ્યો :

**પાયાનો અને પ્રારંભિક તબક્કો (બાલવાટિકા અને કક્ષા ૧-૫)**

પાયાનો તબક્કો (બાલવાટિકા અને કક્ષા ૧-૨) :

- સામાજિક ક્ષમતાઓ વિકસાવવી.
- સંવેદનશીલતા અને નૈતિકતા પ્રગટાવવી.
- સહકાર અને જૂથ-કાર્ય શીખવવું.
- રંગ, આકાર, સંખ્યાઓ અને ભાષા કલા દ્વારા સમજાવવી.

પ્રારંભિક તબક્કો (કક્ષા ૩-૫) :

- આત્મ-અભિવ્યક્તિ માટે વિવિધ માધ્યમો પ્રદાન કરવાં.
- વિવિધ વિષયોમાં કલા સંકલન દ્વારા વિભાવનાઓની સ્પષ્ટતા કરવી.
- સાંસ્કૃતિક વારસા અને વિવિધતા પ્રત્યે જાગૃતિ લાવવી.
- પર્યાવરણીય જવાબદારી અને સામાજિક સંવેદનશીલતા જન્માવવી.

**મધ્યમ તબક્કો અને માધ્યમિક તબક્કો (કક્ષા ૬-૧૨)**

મધ્યમ અને માધ્યમિક તબક્કો (કક્ષા ૬ થી ૮ અને કક્ષા ૯-૧૦) :

- બહુવિધ દૃષ્ટિકોણો દ્વારા વિભાવનાઓ સમજવી.
- જૂથ-કાર્ય અને પરસ્પર આદર વિકસાવવો.
- પ્રત્યાયન, સર્જનાત્મકતા, સહયોગ, ચિંતનશીલતા જેવાં ૨૧ મી સદીનાં કૌશલ્યો વિકસાવવા.
- સમકાલીન સામાજિક, પર્યાવરણીય અને સાંસ્કૃતિક મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ લાવવી.

દ્વિતીય માધ્યમિક તબક્કો (કક્ષા ૧૧-૧૨) :

- વ્યક્તિગત ક્ષમતાઓ અને રુચિઓ ઓળખવી.
- ઊંડા સંશોધનાત્મક અભ્યાસ માટે તકો પૂરી પાડવી.
- વ્યાવસાયિક રુચિ અંગે સ્પષ્ટતા અને માર્ગદર્શન આપવું.
- બહુસાંસ્કૃતિક પરિમાણો અને વૈશ્વિક નાગરિકતા અંગેની જાગૃતિ કેળવવી.
- ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (SDGs) પ્રત્યે સંવેદનશીલતા કેળવવી.

## સંશોધન આધારિત - કલા-સંકલિત-શિક્ષણના ફાયદા

**જ્ઞાનાત્મક વિકાસ પર અસર** :

અનેક સંશોધનોએ સાબિત કર્યું છે કે કલા-સંકલિત-શિક્ષણ વિદ્યાર્થીઓનાં જ્ઞાનાત્મક કૌશલ્યોમાં સુધારો લાવે છે.

આઇવ્સ અને પોન્ડ (1980) : કલાત્મક અભિવ્યક્તિ વિદ્યાર્થીઓને કલ્પના શક્તિનો ઉપયોગ કરવા અને વિભાવનાઓની ઊંડી સમજ વિકસાવવા માટે અવકાશ આપે છે.

બોવેન, ગ્રીન અને કિસિડા (2014) એ નોંધ્યું કે, દશ્ય કલાનો અનુભવ ધરાવતા વિદ્યાર્થીઓમાં ટીકાત્મક ચિંતન કૌશલ્યો વિશેષ પ્રમાણમાં હતાં.

એલિડા એન્ડર્સન (2017) : કલા દ્વારા ભાષાકીય વિભાવનાઓ શીખવવાથી વિદ્યાર્થીઓની ધ્યાન શક્તિ વધે છે.

બેનેગલ (2010) : કલા મગજમાં નાટકીય ફેરફારો લાવે છે, જેમ કે ધ્યાન સશક્ત બનાવવું.

**સામાજિક-ભાવનાત્મક વિકાસ પર અસર**

સ્ટીવ હાર્વે (1989) : કલા ભાવનાત્મક શિક્ષણ સંદર્ભે ઉત્તમ રીતે કાર્ય કરે છે. કલાનો ઉપયોગથી સામાજિક/ભાવનાત્મક સંઘર્ષોનું નિરાકરણ થાય છે.

રઘુવંશી અને શાહ (2021) : ભારતમાં ૧.૪ લાખ બાળકોને આઠ અઠવાડિયાં સુધી કલા પ્રવૃત્તિઓ આપવામાં આવી; પરિણામોએ બતાવ્યું કે, વિદ્યાર્થીઓના સર્જનાત્મક આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો.

**શારીરિક-ક્રિયાત્મક વિકાસ પર અસર**

A study to understand the role of visual arts in the teaching and learning of science", ધનાપાલ, કણપથી અને મસ્તાન (2014) નું સંશોધન દર્શાવે છે કે, બાળકોનો શારીરિક, જ્ઞાનાત્મક,અને ભાવનાત્મક વિકાસ દૃશ્ય કલાઓના સંકલનથી વધે છે. હાથથી કરવામાં આવતી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો વધુ સારી રીતે શીખે છે.

NCERT નો અભ્યાસ (2021) : જે શાળાઓમાં કલા-સંકલિત-શિક્ષણ અમલમાં મૂકવામાં આવ્યું, તે શાળાઓનું શૈક્ષણિક વાતાવરણ સ્પષ્ટપણે વિદ્યાર્થી-કેન્દ્રિત, આનંદદાયક અને અનુભવજન્ય હતું.

## કલા-સંકલિત-શિક્ષણના અમલીકરણ વ્યૂહરચનાઓ :

**તમામ હિસ્સેદારોનું ક્ષમતા નિર્માણ**

**રાજ્ય સત્તાવાળાઓ અને શૈક્ષણિક વહીવટકર્તાઓ :**

- કલા-સંકલિત-શિક્ષણની વિભાવના અંગે વ્યાપક માર્ગદર્શન આપવું અને કલા-સંકલિત-શિક્ષણથી તેમને અભિમુખ કરવા
- શાળાના વાર્ષિક કેલેન્ડરમાં કલા-સંકલિત-શિક્ષણ માટેની સુગમતા કરવી.

**શિક્ષકોની તાલીમ :**

- વિષય શિક્ષકો તેમજ કલા શિક્ષકો બંનેને તાલીમ આપવી.
- પ્રવૃત્તિઓની યોજના અને અમલીકરણના પ્રાયોગિક અનુભવો આપવા.

**વાલી અને સમુદાયની સહભાગીદારીતા :**

- માતા-પિતા અને સમુદાયને કલા-સંકલિત-શિક્ષણના ફાયદા અંગે જાગૃત કરવા.
- સ્થાનિક કલાકારો અને શિલ્પકારોને શાળાની પ્રવૃત્તિઓ સાથે જોડવા.

**પ્રવૃત્તિઓનું આયોજન અને રચના**

**પ્રવૃત્તિ રચનાના સિદ્ધાંતો :**

- વિદ્યાર્થી-કેન્દ્રિત અને અનુભવજન્ય હોવી જોઈએ.

- વિષયવસ્તુની વિભાવનાઓ સાથે કલાત્મક અનુભવોનું સાર્થક જોડાણ કરવું.
- સહયોગી અધ્યયન - જૂથ અધ્યયનને પ્રોત્સાહિત કરે તેવી હોવી જોઈએ.
- સ્થાનિક કલાઓ અને સંસાધનોનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ.
- આ પ્રવૃત્તિઓ સર્વ-સમાવેશી હોવી જોઈએ.

**બહુવિષયક અભિગમ :**

- ગણિત + કલા: ભૂમિતીય આકારો દ્વારા રંગોળી
- વિજ્ઞાન + નાટક: વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત ભૂમિકા
- ભાષા + સંગીત: કવિતાને ગીતમાં રૂપાંતરિત કરવી
- સામાજિક વિજ્ઞાન + દૃશ્ય કલા: ઐતિહાસિક ઘટનાઓની ચિત્રકથા

**પ્રવૃત્તિ આયોજનનું સૂચિત સ્વરૂપ** :

વર્ગ/ધોરણ, વિષય, થીમ/વિષયવસ્તુ, કલા સ્વરૂપ, અધ્યયન નિષ્પત્તિ, જરૂરી સંસાધનો, સમય, ઉત્તરોત્તર પ્રક્રિયા, મૂલ્યાંકન, અનુગામી પ્રવૃત્તિઓનું આયોજન

**સમય આયોજન** :

**વાર્ષિક કેલેન્ડર આયોજન :**

- સાંસ્કૃતિક તહેવારો, રાષ્ટ્રીય દિવસો અને વિશેષ કાર્યક્રમોમાં કલા સંકલિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.
- દફ્તર વગરના દિવસો (Bagless Days) / આનંદમયી શનિવારનો કલા સંકલિત પ્રોજેક્ટ વર્ક માટે ઉપયોગ કરવો.

**સમયપત્રકનું આયોજન :**

- પ્રાતઃસભામાં કલા સંકલિત પ્રવૃત્તિઓ માટે સમય
- શૂન્ય કલાક (Zero Period) નો ઉપયોગ
- ક્લબ/બ્લોક સમયગાળો જ્યાં લાંબા સમય માટે સતત શીખવાનો અનુભવ મળે
- વિષય શિક્ષણ આયોજનમાં સમય-પત્રકમાં સ્થાન

**સંસાધન આયોજન**

**ભૌતિક સંસાધનો :**

- સ્થાનિક અને સરળતાથી ઉપલબ્ધ સામગ્રી : માટી, કાગળ, કપડું, કૃષિ કચરો
- કુદરતી સંસાધનો : પાંદડાં, બીજ, ડાળીઓ, પત્થર
- પર્યાવરણને અનુકૂળ સામગ્રી

**ડિજિટલ સંસાધનો :**

- ઓનલાઈન વિડિયો, વર્ચ્યુઅલ મ્યુઝિયમ ટૂર
- DIKSHA, ePathshala જેવા પ્લેટફોર્મ્સ

**માનવ/સમુદાય સંસાધનો :**

- સ્થાનિક કલાકારો અને શિલ્પકારો
- વૃદ્ધ નાગરિકો અને પરંપરાગત કલાનાં  જાણકારો
- માતા-પિતા અને પૂર્વવિદ્યાર્થીઓ

**વર્ગખંડ વ્યવસ્થાપન** :

**વર્ગખંડની ગોઠવણી :**

- લવચીક બેસવાની વ્યવસ્થા : ટોળાં માટે ગોળાકાર અથવા ચોરસ
- ખુલ્લી જગ્યા : પ્રવૃત્તિઓ માટે મધ્યમાં મોટી ખુલ્લી જગ્યા
- હલનચલનની સ્વતંત્રતા

**સમાવેશી વાતાવરણ :**

- વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને વધારે જગ્યા અને સમય
- વિવિધ ક્ષમતા સ્તરોના વિદ્યાર્થીઓ માટે અનુકૂળ  પ્રવૃત્તિઓ

**મૂલ્યાંકન પદ્ધતિઓ**

**મૂલ્યાંકનના સિદ્ધાંતો :**

- દોષ-દર્શિતા રહિત (Non-judgmental)
- તુલનાત્મક અભિગમ ટાળવો (Non-comparative)
- સ્પર્ધાત્મક નહીં (Non-competitive)
- ભયરહિત (Non-threatening)

- વિભિન્નીકૃત (Differentiated)
- સર્વગ્રાહી (Holistic)

**મૂલ્યાંકનના સાધનો :**

- અભ્યાસક્રમ પ્રોજેક્ટ્સ
- પ્રદર્શન અને રજૂઆતો
- નિરીક્ષણ અહેવાલો
- ચેકલિસ્ટ્સ અને રેટિંગ સ્કેલ્સ
- રુબ્રિક્સ (સમજૂતીઓ)
- પોર્ટફોલિયો
- સ્વ-મૂલ્યાંકન અને સહપાઠી મૂલ્યાંકન

## વિવિધ વિષયોમાં કલા-સંકલિત-શિક્ષણના ઉદાહરણો

### ભાષામાં કલા સંકલન

ઉદાહરણ : કાવ્યપાઠ (કક્ષા ૯-૧૨)

વિષયવસ્તુ : કબીરના દોહા

કલા સ્વરૂપ : સંગીત, નાટક, દૃશ્યકલા

**પ્રવૃત્તિઓ :**

- સમૂહ ગાયન : કબીરના દોહા સંગીતમય રીતે પ્રસ્તુત કરવા
- અભિનય : દોહાઓના અર્થને નાટ્ય સ્વરૂપે રજૂ કરવો
- પોસ્ટર નિર્માણ : કબીરના સંદેશને દૃશ્ય રૂપે રજૂ કરવો

**અધ્યયન નિષ્પત્તિ :**

- કાવ્યના ભાવાર્થની ઊંડી સમજ
- મૌખિક અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ
- આત્મવિશ્વાસમાં વધારો

### ગણિતમાં કલા સંકલન

ઉદાહરણ : ચતુષ્કોણ (કક્ષા ૯)

કલા સ્વરૂપ : દૃશ્ય કલા, હસ્તકલા

**પ્રવૃત્તિઓ :**

- કૃષિ કચરામાંથી ચતુષ્કોણ બનાવવા
- રંગોળી પેટર્ન : ચતુષ્કોણોનો ઉપયોગ કરવો.
- ગીત રચના : ચતુષ્કોણના ગુણધર્મો પર અભિનય ગીત બનાવવું.

**અધ્યયન નિષ્પત્તિ**

- ચતુષ્કોણના પ્રકારો અને ગુણધર્મો
- હાથથી નમૂના બનાવવાથી વિશેષ સમજ
- સર્જનાત્મક વિચારસરણી

**વિજ્ઞાનમાં કલા સંકલન**

ઉદાહરણ : ધ્વનિ (કક્ષા ૯)

**પ્રવૃત્તિઓ :**

- સ્થાનિક સામગ્રીથી વાદ્યો (સંગીત વાદ્યો) બનાવવાં.
- સમૂહ પ્રદર્શન : બનાવેલાં વાદ્યો વડે સંગીત સામૂહિક પ્રસ્તુતિ કરવી.
- ધ્વનિ તરંગો દોરવા : ધ્વનિની લાક્ષણિકતાઓને ચિત્રમય સ્વરૂપે દર્શાવવી.

**સામાજિક વિજ્ઞાનમાં કલા સંકલન**

ઉદાહરણ : ફ્રેંચ ક્રાંતિ (કક્ષા ૯)

કલા સ્વરૂપ : નાટક, દશ્ય કલા

**પ્રવૃત્તિઓ :**

- નાટકના પરિમાણકારક દશ્યો (Tableau) : ફ્રેંચ ક્રાંતિનાં મહત્ત્વનાં દશ્યો.
- ભૂમિકા ભજવવી : ફ્રેંચ કરંટીમાં આપખુદ બાસ્ટિલ સામેનો સંઘર્ષ.
- ગીત રચના : સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ પર ગીત

**અધ્યયન નિષ્પત્તિ :**

- ઐતિહાસિક ઘટનાઓની ઊંડી સમજ
- કારણ-પરિણામ સંબંધો
- સામૂહિક સહયોગ

## કલા-સંકલિત-શિક્ષણના ફાયદા અને પડકારો

**શૈક્ષણિક ફાયદા :**

- વિભાવનાઓની ઊંડી અને સ્થાયી સમજ કેળવવી.
- અમૂર્ત વિભાવનાઓને મૂર્તિમંત કરવી.
- ટીકાત્મક અને સર્જનાત્મક ચિંતન કરવું.

**સામાજિક-ભાવનાત્મક ફાયદા :**

- આત્મવિશ્વાસ અને આત્મગૌરવ
- સહયોગ અને જૂથકાર્ય
- સહાનુભૂતિ અને સંવેદનશીલતા
- વિવિધતા પ્રત્યે આદર

**શારીરિક-ક્રિયાત્મક ફાયદા :**

- સ્થૂળ અને સૂક્ષ્મ ગતિ કૌશલ્યો (નાટ્ય અને નૃત્ય)
- શરીર-મન સંકલન

**સાંસ્કૃતિક ફાયદા :**

- ભારતીય કલા અને સંસ્કૃતિ સાથે ઊંડું જોડાણ
- સાંસ્કૃતિક વિવિધતા પ્રત્યે સંવેદનશીલતા
- વારસાગત પરંપરાઓનું સંરક્ષણ

**પડકારો અને તેના ઉકેલ**

સમયની મર્યાદા

ઉકેલ : અભ્યાસક્રમમાં કલા-સંકલિત-શિક્ષણ ને એકીકૃત કરવું

સંસાધનોની અછત

ઉકેલ : સ્થાનિક અને પુનઃઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરવો તેમજ સમુદાયની સહભાગિતા મેળવવી.

શિક્ષકોનો પ્રતિકાર

ઉકેલ : યોગ્ય તાલીમ, સફળતાની વાર્તાઓનું કથન.

મૂલ્યાંકનની સમસ્યા

ઉકેલ : નવી મૂલ્યાંકન પદ્ધતિઓ, રુબ્રિક્સ(સમજૂતી), પોર્ટફોલિઓ

માતા-પિતાનો સંશય

ઉકેલ : માતા-પિતા માટે જાગૃતિ કાર્યક્રમો

## કલા-સંકલિત-શિક્ષણ અને ૨૧મી સદીનાં કૌશલ્યો

કલા-સંકલિત-શિક્ષણ ૨૧મી સદીનાં મહત્ત્વના કૌશલ્યો (4Cs) વિકસાવે છે :

**વિશ્લેષણાત્મક ચિંતન (Critical Thinking) :**

- સમસ્યાઓનું વિશ્લેષણ
- વિવિધ દૃષ્ટિકોણ
- સર્જનાત્મક ઉકેલો
- તર્ક આધારિત નિર્ણયો

**સર્જનાત્મકતા (Creativity) :**

- મૌલિક વિચારો
- નવીન અભિગમો
- જોખમ લેવાની ક્ષમતા

**સહયોગ (Collaboration) :**

- જૂથકાર્ય
- વાતચીત અને સમાધાન
- જવાબદારીની વહેંચણી.

**પ્રત્યાયન (Communication) :**

- શાબ્દિક અને અશાબ્દિક પ્રત્યાયન (verbal - non-verbal communication)
- વિચારોની સ્પષ્ટ રજૂઆત
- અસરકારક પ્રસ્તુતિકરણ

## શિક્ષકોની ભૂમિકા અને જવાબદારીઓ

**શાળાના આચાર્યની ભૂમિકા** :

- કલા-સંકલિત-શિક્ષણની સ્પષ્ટ સમજ મેળવવી.
- આયોજન અને રચનામાં નેતૃત્વ પૂરું પાડવું.
- શિક્ષકોને પ્રોત્સાહન આપવું.

**શિક્ષકોની ભૂમિકા** :

- સ્પષ્ટ દૃષ્ટિ અને લક્ષ્ય સાથે આયોજન કરવું.
- વિવિધ કલા સ્વરૂપો સાથે પ્રયોગ કરવા.
- સહકાર્યકર શિક્ષણ (Team Teaching) માટે સહયોગ મેળવવો.

**કલા શિક્ષકની ભૂમિકા** :

- વિષય શિક્ષકોને યોગ્ય કલા સ્વરૂપ પસંદ કરવામાં સહાય કરવી.
- કલાત્મક રીતે અને વિવિધ બાબતોનું માર્ગદર્શન આપવું.
- બહુવિષયક કલા સંકલન અમલીકરણમાં ભાગીદાર બનાવવા.

કલા-સંકલિત-શિક્ષણ એ માત્ર એક શૈક્ષણિક પદ્ધતિ નથી, પરંતુ શિક્ષણના સ્વરૂપમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારી એક સંપૂર્ણ દૃષ્ટિ છે. તે વિદ્યાર્થીઓને માત્ર માહિતી આપતું નથી, પરંતુ તેમનામાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને ચિંતનશક્તિ જગાડે છે. તે શિક્ષણને આનંદદાયક, અર્થપૂર્ણ અને જીવનની સાથે જોડાયેલું બનાવે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ની ભલામણો અને વિશ્વભરના સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે કલા-સંકલિત-શિક્ષણ ૨૧મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અનિવાર્ય છે. તે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરે છે; ઉપરાંત તેમને સંવેદનશીલ, જવાબદાર અને સક્ષમ નાગરિકો તરીકે તૈયાર કરે છે.

કલા-સંકલિત-શિક્ષણ શિક્ષકો માટે તેને અમલમાં મૂકવા માટે નવી તકો અને શક્યતાઓના દરવાજા ખોલે છે :

- ધીરજ અને આત્મવિશ્વાસ રાખવો.
- પ્રયોગ કરવાથી ડરવું નહીં.

- સહયોગ કરવો - સાથી શિક્ષકો, કલા શિક્ષકો, સમુદાય સાથે જોડાવું.
- વિદ્યાર્થીઓમાં નેતૃત્વને પ્રોત્સાહન આપવું.
- પ્રક્રિયાને મહત્ત્વ આપવું.

કલા-સંકલિત-શિક્ષણ દ્વારા તમે માત્ર એક વિષય શિક્ષક નહીં, પરંતુ જીવનના કલાકાર બની શકો; જે વિદ્યાર્થીઓના જીવનમાં સ્થાયી પ્રભાવ ઊભો કરે છે.

જેમ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું હતું, "બાળક - એક કલાકૃતિ, અને શિક્ષક - એક કલાકાર. કલાકારની જેમ શિક્ષક પણ માત્ર માહિતી પ્રદાન કરતો નથી, પરંતુ બાળકના વ્યક્તિત્વને આકાર આપે છે."

કલા-સંકલિત-શિક્ષણ આ દૃષ્ટિને સાકાર કરવાનો માર્ગ છે - એક એવો માર્ગ કે જ્યાં શિક્ષણ કેવળ જ્ઞાનપ્રાપ્તિ નથી, પરંતુ જીવનને રંગીન, અર્થપૂર્ણ અને આનંદદાયક બનાવવાની કળા છે.

# ગુરૂકુળ - શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન ગુરૂકુળ વ્યવસ્થા નિર્મૂલનનાં કારણો

**લેખાંક–5 : સંપૂર્ણ જીવન, વડોદરા**

**ભૂમિકા :**

'શ્રી સારસ્વત'ના ગતાંક ડિસેમ્બર-૨૫/જાન્યુઆરી-૨૬માં બે વિષયની ચર્ચા કરી ગયા - ૧. ૧૮૩૫માં લોર્ડ મેકોલેએ કરેલી ભલામણને આધારે અંગ્રેજી ભાષા અને માનસ આધારિત એકાંગી શિક્ષણ વ્યવસ્થા. ૨. સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણ નીતિ તેમજ નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦.

હજારો વર્ષ સુધી અસ્તિત્વમાં રહેલી શ્રેષ્ઠતમ શિક્ષણ વ્યવસ્થા, ગુરુકુળ પદ્ધતિના પુનરુત્થાન અંગે આપણે ચિંતન કરી રહ્યા છીએ ત્યારે લોર્ડ મેકોલેએ ચારિત્ર્યનિર્માણની પાઠશાળા સમાન ગુરુકુળ પદ્ધતિ નેસ્તનાબૂદ કરવા માટે કયા પ્રકારની વ્યૂહરચના વિચારેલી તેનું વિશ્લેષણ કરી લઈએ.

**ગુરુકુળ વ્યવસ્થા : વિદ્યાર્થીઓના ચારિત્ર્યનિર્માણની પાઠશાળા :**

ગુરુકુળમાં શિક્ષણ, નિવાસ કે ભોજન જેવી તમામ વ્યવસ્થા નિઃશુલ્ક હતી. વાનપ્રસ્થો, ઋષિઓ અને અભ્યાસ કરતા બ્રહ્મચારીઓ સૌ સાથે મળીને નદી કિનારે નૈસર્ગિક પર્યાવરણમાં આવાસોનું નિર્માણ કરતા. તે માટે ઈંટો પકવતા. લાકડા લાવતા. કાંતણ-વણાંટ અને સિલાઈકામ કરીને વસ્ત્રો તૈયાર કરી લેતા. ખેતીમાં ધાન્ય પકવતા. રસોઈ બનાવતા. ગૌશાળામાંથી તાજું દૂધ મેળવી લેતા.. આ રીતે ગુરુકુળો સ્વાવલંબી અને સશકત હતા. શાસન વ્યવસ્થા પર આધારિત નહોતા તેમ છતાં તે વિસ્તારના શાસકો જયાં આવશ્યક હોય ત્યાં તમામ પ્રકારની બિનશરતી મદદ કરવા માટે તત્પર રહેતા.

આ પ્રકારની વ્યવસ્થાને પરિણામે સૌ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ રાજા કે રંકના ભેદભાવ વિના ગુરુકુળમાં પ્રવેશ મેળવી શકતા. સાંદિપની ઋષિના ગુરુકુળમાં રાજવંશના શ્રીકૃષ્ણની સાથે જ નિર્ધન સુદામા પણ અભ્યાસ કરતા. અહીં અભ્યાસ કરાવનારા મંત્રદષ્ટા ઋષિઓ કોઈ સામાન્ય પદવીધારી સકામ શિક્ષકો

નહોતા પણ આર્ષદૃષ્ટિ ધરાવતા વળતરની કોઈ અપેક્ષા રાખ્યા વિનાના નિષ્કામ, અધ્યયનશીલ શિક્ષકો હતા. તેમની જરૂરિયાતો, કામનાઓ મર્યાદિત હતી. રઘુવંશના રાજા દશરથના પુત્રો રામચંદ્ર તથા લક્ષ્મણે વેદકાલીન ગુરુકુળમાં વશિષ્ઠ ઋષિ પાસે શિક્ષણ મેળવેલું.

વિદ્યાર્થીઓએ સવારે પ્રાતઃકાળે ઉઠવાનું, નદીમાં સ્નાન કરીને પૂજા-પ્રાર્થના-યજ્ઞ દ્વારા નિત્ય પરમાત્માનું સ્મરણ કરવાનું. પરિસરની સફાઈમાં જોડાઈ જવાનું. પછી ભૌતિકવિદ્યા અને અધ્યાત્મવિદ્યાના સ્વાધ્યાયમાં સૌ સામેલ થાય. ગુરુકુળના સંચાલકોને વિષય શિક્ષણ માટે પર્યાપ્ત સ્વતંત્રતા હતી. તેઓ જ અભ્યાસક્રમ નક્કી કરતા, પરીક્ષા લેતા. રાત્રે પરમેશ્વરનું સ્મરણ કરીને નિદ્રાધીન થઈ જવાનું. આ રીતે ગુરુકુળ એ માત્ર શિક્ષણ મેળવવા માટેની વ્યવસ્થા નહોતી પણ ચારિત્ર્ય, સંસ્કાર, દૈવી ગુણો વિકસાવવા માટેની પાઠશાળા હતી. વિદ્યાર્થીઓ બ્રહ્મચર્યાશ્રમમાં અભ્યાસ સંપન્ન કરીને, સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ જેવા વ્રતો અને વસુધૈવ કુટુંબકમની ભાવનાને વરેલા ચારિત્ર્યવાન ગૃહસ્થ તરીકે સમાજમાં સન્માનનીય સ્થાન મેળવતા. તેમને કોઈ નોકરી કરવાની આવશ્યકતા નહોતી. પોતાના રસ-રુચિને અનુરૂપ વ્યવસાયમાં તેઓ સામેલ થઈ જતા.

**બ્રિટીશ સામ્રાજયનો વ્યાપ અને ગુરુકુળ વ્યવસ્થાનું નિર્મૂલન :**

બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિ પૂર જોશમાં ચાલતી હતી. કાપડ સહિત અનેક ચીજવસ્તુઓનું અઢળક ઉત્પાદન થઈ રહયું હતું. ઈંગ્લેન્ડની વસતી અને વિસ્તાર મર્યાદિત. તેથી બ્રિટીશ સલ્તનતની મેલી મુરાદ હતી કે જો સમગ્ર હિન્દુસ્તાન ઉપર તેનું અખંડ સામ્રાજય સ્થપાઈ જાય તો તેને કાયમી બજાર પ્રાપ્ત થઈ જાય. આ શકયતાઓની ચકાસણી કરવા માટે ઈંગ્લેન્ડની સરકારે, ભારતમાં રચેલી સુપ્રિમ કાઉન્સિલના સભ્ય તરીકે લોર્ડ મેકોલેની નિમણૂંક કરી. તેઓ બ્રિટનના સાંસદ હતા. મુત્સદ્દી વકીલ હતા. તેમણે ભારતની આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિનો સર્વાંગી અભ્યાસ કર્યો અને પછી તારણ ઉપર પહોંચ્યા કે હિન્દુસ્તાનના સમગ્ર વિસ્તાર ઉપર ઇંગ્લેન્ડનું સામ્રાજય સ્થાપવું હોય તો સૌ પ્રથમ સમૃદ્ધ ભારતને આર્થિક રીતે પરાવલંબી બનાવવું પડશે અને બીજું સમગ્ર પ્રજામાં પ્રાણનો સંચાર કરતી સ્વાવલંબી ગુરુકુળ વ્યવસ્થાને નેસ્તનાબૂદ કરવી પડશે.

લોર્ડ મેકોલે ૧૮૩૮માં ફરી ઈંગ્લેન્ડ પહોંચી ગયા પણ તેમણે વિચારેલી લાંબાગાળાની વ્યૂહરચનાનો તમામ ગવર્નર જનરલો બરાબર અમલ કરતા રહ્યા. ઈ.સ. ૧૭૬૦ સુધી સમગ્ર વિશ્વની કુલ રાષ્ટ્રીય આવકમાં ૪૦% હિસ્સા સાથે હિન્દુસ્તાન પ્રથમ ક્રમાંકે હતું. ૧૮૩૮માં ચીન પછી બીજું સ્થાન પ્રાપ્ત થયું. ભારતના ગ્રામીણ પ્રદેશમાં સ્વમાનભેર રોજગારી આપતા ગ્રામોદ્યોગો, ગૃહોદ્યોગો પર અંગ્રેજ સરકારે ભારે કરવેરા લાદવાની શરૂઆત કરી અને સાથે ઈંગ્લેન્ડમાં મોટા પ્રમાણમાં ઉત્પાદિત થયેલી કાપડ અને બીજી વસ્તુઓની હિન્દુસ્તાનમાં કોઈ નિયંત્રણ વિના વ્યાપક નિકાસ શરૂ થઈ. આ અન્યાયી વ્યવસ્થાને લીધે ૧૮૯૩માં વિશ્વની કુલ રાષ્ટ્રીય આવકમાં અમેરિકા, ચીન અને ઈંગ્લેન્ડ પછી હિન્દુસ્તાન ચોથા ક્રમે આવ્યું.

**સમાપન** :

૧૮૩૫માં અખંડ હિન્દુસ્તાનમાં ૭.૩૨ લાખ જેટલા ગુરુકુળો હતા. આ સંખ્યા કોઈ ચોક્કસ સર્વે આધારિત નથી પણ અંદાજ છે. તેથી તે સમયે સાક્ષરતાનો દર ઊંચો હતો. અંગ્રેજી માધ્યમની શાળાઓ અને અંગ્રેજીયત માનસને કારણે ૧૯૦૧માં સાક્ષરતાનું પ્રમાણ ૫.૩% થઈ ગયું. તેના કારણો આવતા અંકમાં તપાસીશું. (ક્રમશઃ)

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## આચાર્ય સજ્જતા

# વિદ્યાર્થીઓનો વસંતોત્સવ, પરીક્ષાર્થીઓનો ફુલદોલ મહોત્સવ... શિક્ષકોનો સત્રાંતોત્સવ, આચાર્યનો આનંદોત્સવ...

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

વસંતઋતુ આવી મારા વ્હાલા....... ગીત ગણગણતો હતો, ત્યાં વસંતનો વાયરો આવ્યો. સહુને ખબર છે કે વસંતઋતુમાં દરેક છોડ, ક્ષુપ અને વૃક્ષ પર સરસ મજાની માંજરો, કળીઓ, મ્હોર ફૂટે છે, ફોરે છે. ધીમે ધીમે તેમાંથી સુંદર મઝાનાં રંગબેરંગી ફૂલો ખીલે છે. વન, ઉપવન, ઘરઆંગણે, બાગ-બગીચાઓમાં જ્યાં પણ છોડ, ક્ષુપ કે વૃક્ષ પર નજર નાખીએ તો અનિમેષ નજરે જોયા જ કરવાનું મન થાય છે. સરસ મજાની ખુશ્બૂ પણ મનને મહેકાવે છે, બહેકાવે છે. કામદેવમના બાણ વિષે આપણને સહુને ખબર છે. આવા માહોલ(વાતાવરણ) વચ્ચે વિદ્યાર્થીઓની ઊર્મિઓ, આવેગો, વેદના, સંવેદનાને ઊર્ધ્વગામી તરફ લઈ જવાનું કામ દોહ્યલું છે. તેમ છતાં મોટાભાગના શિક્ષણ સાથે જોડાયેલા ભારતીય સંસ્કૃતિથી પરિચિત મારા શિક્ષક ભાઈ-બહેનો સુપેરે આ દિશામાં સફળતાપૂર્વક કામગીરી બજાવે છે. જે ખરેખર આજના મોબાઈલ યુગમાં કઠણ કામ છે.

હવે વાત એમ છે કે ધીરે ધીરે જૂન-૨૦૨૫થી શરૂ થયેલ શિક્ષણ સત્ર સમાપ્ત થવાને આરે આવીને ઊભું છે. સમગ્ર વર્ષ દરમિયાન નક્કી કરવામાં આવેલ જે-તે વિષયના અભ્યાસક્રમને વિવિધ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનો આખરી ઓપ આપી દીધો હોય છે. ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમ્યાન પરીક્ષાનો ઉત્સવ શરૂ થાય છે. જે શરૂઆતમાં પ્રેક્ટિકલ પરીક્ષાઓ વિવિધ વિષયોની લેવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ જાહેર કરેલ પરીક્ષા કાર્યક્રમ મુજબ પરીક્ષાઓની શરૂઆત થવાની અણી પર છે. વિદ્યાર્થીઓની માહિતી એકત્ર કર્યા મુજબ આવેદનપત્ર ભરવામાં આવ્યા હોય છે. જે અનુસાર બોર્ડ દ્વારા ''રીસીપ્ટ'' પ્રાપ્ત થાય છે. જેમાં સમગ્ર પરીક્ષા બેઠકનંબરથી માંડીને બેઠક વ્યવસ્થા સુધીની માહિતી પરીક્ષાર્થીને મળતી હોય છે. રીસીપ્ટના સુધારા-વધારાને પણ અવકાશ હોય છે. જે વર્ગશિક્ષક અને વિષયશિક્ષકના સૂચવેલ સુધારા-વધારા જેવાકે નામ, અટક, વિદ્યાર્થીના માતા-પિતાના નામમાં ફેરફાર લાગે તો, વિષય અને વિષયકોડ બદલાયેલા જણાય, કંઈપણ પ્રકારની ભૂલચૂક હોય તો તે પરીક્ષાર્થીએ ઝીણવટભરી નિહાળી, કાળજી રાખી ધ્યાન દોરવાનું રહે છે.

પરીક્ષાર્થીઓ માટે હવે પરીક્ષા આપવા જાય ત્યારે પરીક્ષાના અગાઉ પોતાનો બેઠકનંબર કઈ શાળામાં, ક્યા રૂમનંબરમાં, ક્યા બ્લોકમાં, કઈ પાટલી પર બેસીને ફૂલદોલોત્સવ મનાવવાનો છે, તે જોઈ ચકાસી અને જાણી લેવાનું રહે છે. ઘરથી પરીક્ષાના સ્થળ સુધી કેટલા સમયમાં પહોંચી શકાય છે. તેનો પણ ડેમો કરી લેવો સારો, જેટલી અગમચેતી પરીક્ષાર્થીએ પોતાના પરીક્ષાના ફૂલદોલમહોત્સવની રાખે તેટલી સરળતા રહે છે. આમાં મા-બાપ, ભાઈ-બહેન, ભાઈબંધ, સગાં-સ્નેહી સહકાર આપી શકે છે. અરે! ઘણીવાર તો પોલીસ પણ પરીક્ષાર્થીનો સાથ પરીક્ષા સ્થળે સમયસર પહોંચવા માટે આપ્યાના દાખલા મોજૂદ છે. આ વર્ષે રિક્ષાવાળાઓએ પરીક્ષાર્થીઓને સમયસર પરીક્ષા સ્થળપર પહોંચાડવાની નેમ લીધી છે, જે ખરેખર આંનદોત્સવની ઝલક છે.

પરીક્ષાર્થીઓનો પરીક્ષા ફૂલદોલ મહોત્સવ પૂરો થતો જાય છે. તેમ તેમ શિક્ષક મહોદયનો સત્રાંત ઉત્સવ ચાલુ થાય છે. પરંતુ પરીક્ષાર્થીઓના ફૂલદોલ મહોત્સવ સાથે મૂલ્યાંકનનો મહામૂલો સત્રાંત ઉત્સવ શિક્ષકોનો ધામધૂમથી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર ચાલુ થઈ જાય છે. મૂલ્યાંકન માટેના હુકમો ૧૦૦ કિ.મી. વિસ્તારમાં બની શકે તો નજીકના વિસ્તારમાં બહેનોની શારિરીક અને સામાજિક કારણોસર નજીકમાં સોંપાઈ શકે છે. પ્રશ્નપત્ર, બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ કી તથા રોજેરોજના તપાસવાના પ્રશ્ન ક્રમાંકના ટર્ન મૂલ્યાંકન માટે ધ્યાનમાં રાખવાના ખાસ મુદ્દા છે. ચકાસણી, સરવાળા-બાદબાકી અને કીમાં સૂચવ્યા મુજબના ગુણ પ્રદાન કરવાના રહે છે. વધારાના પ્રશ્નોના જ્વાબના ગુણ સરવાળા ઉમેરાઈ ‘‘ના’’ જાય તેની કાળજી લેવાની થતી રહી છે.

મનનું મૂકીને, મનગમતું રોકીને પરીક્ષાર્થીના લખાણ અને આન્સર કીને ધ્યાનમાં લઈ ‘‘નિર્ણાયકની’’ ભૂમિકા ભજવવાની થતી હોય છે. આપણા મૂલ્યાંકનનો ભોગ નિર્દોષ ના બને તેવી તકેદારી જરૂરી.....

આ બધાંની મધ્યે ‘‘આચાર્યશ્રી’’નો હોદ્દો ખૂબ જ મહત્ત્વનો, અગત્યનો તેમ જ પર્ણ લીલાં યથાવત રાખવાનો આંનદોત્સવ મનાવવાનો છે. સમગ્ર વિદ્યાર્થી, પરીક્ષાર્થી, શિક્ષક મહોદય, વાલી-સમાજ અને મંડળ, ટ્રસ્ટ, બોર્ડ (સરકાર) ને જોડી રાખી અમલીકરણ કરવાનો, કરાવવાનો અભિગમ ખૂબ જ જરૂરી છે.

પેલી સૂચના આપણને જ્યાં ત્યાં નજરે પડે છે કે તેમ સી.સી.ટી.વી.ની નજર હેઠળ છો. આચાર્યશ્રીનો આંનદોત્સવ અગત્યનો છે. સેનાપતિની ભૂમિકા દરેક યુદ્ધમાં ખૂબ જ મહત્ત્વની હોય છે.

શિક્ષણ સત્રના છેલ્લા દિવસ સુધી આચાર્યશ્રીના આનંદ ઉત્સવ ચાલતો રહે છે. અઢી અક્ષર ‘‘અંત’’ની સમજ રહસ્ય......... ગૂઢ...... છે..........

# पढ़ाई का विज्ञान-१२

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

हर कोई ध्यान अवधि (Attention Span) के महत्व को जानता है । यह वह समय है, जितनी देर तक कोई व्यक्ति या समूह किसी कार्य पर एकाग्र रह सकता है या उसमें रुचि बनाए रख सकता है। विद्यार्थियों की ध्यान अवधि कितनी होती है, यह लंबे समय से बहस, चर्चा और अनेक शोध-पत्रों का विषय रहा है। हमारे स्वयं के शोध के अनुसार, 1980 के पहले जन्मी पीढ़ी के विद्यार्थियों की औसत ध्यान अवधि लगभग 40 मिनट थी। यही कारण था कि जब हम विद्यालय में थे, तब एक पीरियड लगभग 45 मिनट का हुआ करता था।

किन्तु नई पीढ़ी, अर्थात् मिलेनियल पीढ़ी पर किए गए हमारे संशोधन से हमें पता चला है कि विद्यार्थियों की औसत ध्यान अवधि अब मुश्किल से 15 मिनट रह गई है। अर्थात पिछले 40 वर्षों में यह लगभग 66% तक घट गई है। यही आज शिक्षकों और विद्यालय/महाविद्यालय प्रशासन के सामने सबसे बड़ी चुनौती है।

इस विषय पर महाराष्ट्र के रत्नागिरी के निकट चिपलून स्थित एक वरिष्ठ वाणिज्य एवं कला महाविद्यालय के पर्यवेक्षक (Supervisor) से बातचीत के दौरान उन्होंने भी इस निष्कर्ष से सहमति व्यक्त की। परंतु उन्होंने यह व्यावहारिक कठिनाई भी बताई कि कॉलेज में कक्षा की अवधि को केवल 15 मिनट तक सीमित करना संभव नहीं है। हम भी इससे सहमत हैं। उद्देश्य कक्षा की अवधि घटाना नहीं है, बल्कि एक शिक्षक के रूप में इस तथ्य को स्वीकार करना है और फिर प्रत्येक 15 मिनट के बाद क्लासरूम मैं अपने सिखाने के तरीके में, कुछ बदलाव या परिवर्तन करना, ये है।

यह परिवर्तन किसी गतिविधि में बदलाव, छोटे प्रश्नोत्तर सत्र, क्विज़, हल्के हास्य या कहानी सुनाने के माध्यम से किया जा सकता है, जिससे विद्यार्थी पुनः स्थिर होकर अगली ध्यान अवधि में प्रवेश कर सकें। प्रभावी शिक्षण-अधिगम प्रक्रिया के लिए यह अत्यंत आवश्यक है। यदि हम इस तथ्य को स्वीकार नहीं करते, तो एक शिक्षक के रूप में हमारे सारे प्रयास व्यर्थ हो सकते हैं। नई पीढ़ी के विद्यार्थी चाहकर भी हमारी सहायता नहीं कर पाएंगे, क्योंकि कुछ डीएनए वैज्ञानिकों के अनुसार उनके शारीरिक एवं मानसिक स्वरूप में ही परिवर्तन आया है। अतः शिक्षण-अधिगम प्रक्रिया में परिवर्तन लाने की जिम्मेदारी पुरानी पीढ़ी अर्थात् विद्यालय/महाविद्यालय के शिक्षकों और घर पर माता, पिता की है।

अक्सर कई शिक्षक हमसे तर्क करते हैं कि ऐसा नहीं है। उनके अनुसार नई पीढ़ी की ध्यान अवधि बहुत अधिक है, विशेषकर जब वे ओटीटी प्लेटफॉर्म पर अपनी पसंदीदा श्रृंखला देखते हैं या मोबाइल गेम खेलते हैं। वे कहते हैं कि इस दौरान वे बिना समय का ध्यान किए लगातार लगे रहते हैं और उन्हें भूख-प्यास का भी एहसास

नहीं होता। परंतु सच्चाई यह है कि फिर हम “एकाग्रता” और “शैक्षणिक ध्यान अवधि” के वास्तविक अंतर को नहीं समझ पाए हैं।

शाब्दिक अर्थ में एकाग्र होना, ध्यान (Meditation) करना है। ध्यान एक उच्च अवस्था है, जिसमें बाहरी वस्तु की आवश्यकता समाप्त हो जाती है। मोबाइल गेम खेलते समय निरंतर बदलते हुए ग्राफिक्स, या खेल की वस्तुएँ ही आकर्षण का मुख्य कारण होती हैं। खेल में निरंतर और तीव्र परिवर्तन होते रहते हैं, जो मन को विचलित करते हैं और ध्यान की अवस्था से विपरीत दिशा में ले जाते हैं।

नई पीढ़ी स्वभाव से अत्यंत बुद्धिमान है और शक्तिशाली “आज्ञा चक्र” से संपन्न है, परंतु मानसिक दृढ़ता में अपेक्षाकृत कमजोर है। इसलिए वे अपनी बुद्धि को स्थिर विचारों में धारण करने में संघर्ष करते हैं। जिनका मन चंचल होता है, वे स्वाभाविक रूप से मोबाइल गेम जैसी गतिविधियों को चुनते हैं, क्योंकि वह उनके मानसिक स्तर के अनुरूप उत्तेजना प्रदान करती है। अतः इसे “एकाग्रता की क्षमता” से नहीं जोड़ा जा सकता, जो शैक्षणिक अध्ययन और किसी क्षेत्र में उत्कृष्टता प्राप्त करने के लिए अनिवार्य है।

तो विद्यार्थियों के पास इस सीमित ध्यान अवधि को संभालने के क्या विकल्प हैं? हमारे शोध के आधार पर निम्नलिखित उपाय उपयोगी हो सकते हैं -

पहला, इस तथ्य को स्वीकार करें। इसे नकारने से हमारी कार्यक्षमता और अधिक प्रभावित होगी।

दूसरा, अपने अध्ययन या कार्य को छोटे-छोटे हिस्सों में बाँटें, जिन्हें 15 मिनट की ध्यान अवधि में पूरा किया जा सके। हर 15 मिनट के बाद छोटा विश्राम लें और फिर अगले कार्य के साथ पुनः आरंभ करें। नियमित अभ्यास से प्रदर्शन में स्वाभाविक सुधार होगा।

तीसरा, दो ध्यान अवधियों के बीच के अंतराल को कम करने का प्रयास करें। एक अध्ययन के अनुसार, एक ध्यान अवधि से दूसरी तक का अंतर 30 से 45 मिनट तक हो सकता है, जो समय की दृष्टि से बहुत महंगा है, विशेषकर जब विद्यार्थी स्कूल से कॉलेज में प्रवेश करते हैं। इसे कम करने का सबसे सरल और स्वस्थ उपाय है “श्वास-व्यायाम”। श्वास-प्रश्वास हमें वर्तमान में बनाए रखता है, भावनाओं को संतुलित करता है और विचारों को नियंत्रित करने में सहायता करता है। इससे विचलन की संभावना घटती है और स्वाभाविक एकाग्रता विकसित होती है।

चौथा, घर पर अध्ययन करते समय हर 15 मिनट के बाद अध्ययन-पद्धति में बदलाव करें। जैसे—नोट्स लिखना, फ्लोचार्ट बनाना, चार्ट रंगना, स्वयं को शिक्षक मानकर काल्पनिक विद्यार्थियों को पढ़ाना, दीवार पर नोट्स लगाना, कमरे में हल्का खेलते हुए परिभाषाएँ दोहराना आदि।

प्रकृति से संघर्ष करने और अध्ययन को बोझ बनाकर निराशा आमंत्रित करने के बजाय, क्यों न हम अपनी प्राकृतिक ध्यान अवधि का सर्वोत्तम उपयोग करके जीवन में चमत्कार करें?

हमारे शोध से यह स्पष्ट हुआ है कि “कार्य करने के तरीके में छोटा सा परिवर्तन” भी “अधिकतम परिणाम” ला सकता है।

# મૂલ્યાંકન મજેદાર

**- દિનેશ માંકડ (9427960979)**

જો સમજીએ ને વિચારીએ તો ‘મૂલ્યાંકન. શબ્દ જ પોતે મજેદાર છે. શાળામાં એને ફરજના ભાગ રૂપે લઈએ એટલે એ શબ્દનો થોડો અર્થ સંકોચ જરૂર થઈ જાય છે. કારણકે મૂલ્ય શબ્દ અંકવાચક નહિ પણ ગુણવાચક છે. ટેવાઈ ગયેલા આપણે મોટે ભાગે તેને અંકવાચકમાં જ પ્રયોજીએ છીએ.

દરેક વખતે એવું માની લેવાની જરૂર નથી કે શાળામાં મૂલ્યાંકન ફક્ત વિદ્યાર્થીઓ માટે જ છે. અને તે હંમેશ અંકવાચક જ હોય. જે રીતે પ્રયિંગ કરીએ પણ એટલું ચોક્કસ જ છે કે મૂલ્યાંકન મજેદાર હોવું જ જોઈએ.

શિક્ષણના પ્રવાહોમાં અને આવશ્યકતા અનુસાર બાહ્ય મૂલ્યાંકન, આંતરિક મૂલ્યાંકન, સર્વગ્રાહી મૂલ્યાંકન વગેરે છે અને નવા ઉમેરાતા પણ જાય છે. પણ બધાનું મૂળ હાર્દ ઉત્તમ મૂલ્યાંકન જ છે. એ જ રીતે મૂલ્યાંકન તો પ્રથમ સત્રના પ્રારંભથી જ શરૂ થાય, તે વર્ષાન્તે પૂર્ણ થાય.

સામાન્ય સંજોગીમાં મૂલ્યાંકનને ફક્ત વિદ્યાર્થીના શિક્ષણ પરિણામ સાથે જ જોડી દેવાય છે પણ વિશાળ અને વિચક્ષણ આચાર્ય મૂલ્યાંકનને સીમિત દષ્ટિકોણથી નથી જોતા. હકીકતમાં તો શાળાના પ્રવેશદ્વારથી જ મૂલ્યાંકનની શરૂઆત થાય. માત્ર વિદ્યાર્થી જ નહિ, શિક્ષકો, વહીવટી અને સેવાર્થે જોડાયેલા પરિવારજનો અને વાલી, મુલાકાતી પણ મૂલ્યાંકનના પરિપ્રેક્ષ્યમાં આવે. શાળા પ્રાર્થના ખંડ અને પ્રાર્થનાસભા અને મેદાન અને તેની પ્રવૃત્તિઓ, શાળા સ્વચ્છતા, શૌચાલય, શાળા મકાન અને તેનું રાચરચીલું, પ્રયોગશાળા અને પુસ્તકાલય પણ ગુણવતા ચકાસાણીએ તો મુકાય જ.

મારા અભ્યાસકાળના એક પુણ્યશ્લોક ભાષાશિક્ષક યાદ આવે છે. ઉત્તરવહી ચકાસે ત્યારે દરેક ઉત્તરવહીમાં વધુ ગુણવાળા ઉત્તરની ચકાસણી માટે ગુણ વિભાજન કરે. ઉદાહરણ તરીકે નિબંધ માટે 10 ગુણ હોય તો બે ગુણ જોડણીના, બે ભાષા શુદ્ધિના, 4 ગુણ વિષયવસ્તુના અને બાકીના બે સમગ્ર છાપના. આખા વર્ગની ઉત્તરવાહીનો નિબંધમાં એ રીતે જ ગુણ વિભાજન મૂકે. વિદ્યાર્થીને તે બતાવે. આ પ્રક્રિયા કોઈ પ્રયોગ માટે કે પછી માત્ર આ વિષય માટે જ કામચલાઉ નહોતી. એમની પોતાની મૂલ્યાંકન કરવાની આગવી રીત હતી.

બોર્ડની પરીક્ષાની ઉત્તરવહી ચકાસવા ગુણપ્રદાન યોજના તૈયાર કરીને આપવામાં આવે છે. સારા મૂલ્યાંકન માટે તે આશીર્વાદ રૂપ ગણાય. પણ જરા ઊંડાણપૂર્વક તેનો અભ્યાસ કરાય તો વિસ્તૃત ઉત્તરવાળા ઉત્તરમાં ખૂબ ઘણાને અન્યાય થઈ જાય. તેજસ્વી વિદ્યાર્થી 3 ગુણ ધરાવતી ટૂંકનોંધ માટે મુદ્દાસર સચોટ વિસ્તૃત ઉત્તર લખે. તેને ગુણ પ્રદાન યોજના અનુસાર 3માંથી 3 ગુણ પણ ગુ..પ્ર માં સૂચના હોય કે 'કોઈ ત્રણ મુદ્દાના 3 ગુણ' એટલે સામાન્ય વિદ્યાર્થી માત્ર ત્રણ શબ્દમાં ત્રણ મુદા લખે એટલે એને પણ 3 ? - શું આ મૂલ્યાંકન યોગ્ય ગણાય ? મંથનનો વિષય છે.

શાળા પાસે બધા ધોરણનું આંતરિક મૂલ્યાંકન હોય. નક્કી કરેલા માપદંડો અને સમયાનુસાર તેનો નોંધ થતી જ હોય. દરેક શાળા પોતાની આગવી રીતે અને ખૂબ સ્પષ્ટ આંતરિક મૂલ્યાંકન આયોજિત કરતી હોય અને અમલ પણ કરતી હોય. અભ્યાસ, હાજરી, સહાભ્યાસિક પ્રવૃત્તિમાં હિસ્સો વગેરે જેવા પાસાં તેમાં સમાવાય છે. એ અંગેની માર્ગદર્શિકા પણ પ્રાપ્ત હોય છે. અને તેનો અમલ થતો જ હોય. સારી વાત છે.

અહીં એક-બે વાત વિચારવા જેવી છે. કેટલાક વિદ્યાર્થીના વિશેષ કાર્ય કે સમાજસેવા - જે કદાચ શાળા ફરજમાં ન હોય તેની નોંધ મૂલ્યાંકન વખતે લેવાય છે ખરી ? - આંખ-કાન ખુલ્લા રાખીને આચાર્યશ્રીએ આ વાતની નોંધ લેવી ઘટે.

ઘણી વખત વર્ષ દરમિયાનના કોઈની સાથેના નાના કે મોટા દુર્વ્યવહારનો ભોગ કોઈવાર વિદ્યાર્થી બની જતો હોય છે. એની અસર સમગ્ર મૂલ્યાંકન પર ન થાય તે જોવું જ પડે. નાની ઘટના કોઈ મોટા પૂર્વગ્રહનો ભાગ ન બની જાય. શાળા કક્ષાએ થતાં બાહ્ય મૂલ્યાંકનમાં પણ આ પ્રક્રિયા ન બને તે ચોક્કસ જોવું પડે.

સામાન્ય રીતે બાહ્ય મૂલ્યાંકનમાં તો મોડરેશન અને પરસ્પર પુનઃ ચકાસણીનું આયોજન હોય જ છે. પણ આંતરિક મૂલ્યાંકનમાં પણ આ વ્યવસ્થા રાખવી આદર્શ ગણાય.

શાળાના કેન્દ્રમાં વિદ્યાર્થી હોય એટલે અત્યાર સુધી વિદ્યાર્થીલક્ષી મૂલ્યાંકનની વાત કરી. પણ અગાઉ લખ્યું તેમ શાળાના અભિન્ન અંગોનું પણ મજેદાર મૂલ્યાંકન આવશ્યક જ છે ને ? શિક્ષકમિત્રોના અને બિન શૈક્ષણિક પરિવારના ખાનગ અહેવાલ પણ સાચા, સ્પષ્ટ અને પૂર્વગ્રહ વિનાના ભરાય. એ એટલી

જ આવશ્યકતા છે. એટલું જ નહિ પણ જ્યાં સકારાત્મક કે નકારાત્મક આવશ્યકતા લાગે ત્યાં તે જે તે પરિવારજનને વ્યક્તિગત બોલાવીને ખાનગીપણા ગંભીરતા બતાવીને તેમને તેમના ગુણ દોષ બતાવી દેવાનું સાહસ પણ આચાર્ય ધારે તો કરી શકે.

શિક્ષકમિત્રોની 'દૈનિક નોંધપોથી' કદાચ રોજ ઊંડાણથી ન જોવાય પણ અનુકૂળતાએ આકસ્મિક રીતે તો ચોક્કસ પુરી ચાંચ ડુબાડવી જ જોઈએ. લખેલા તાસ કાર્ય અને પ્રત્યક્ષમાં મોટો તફાવત તો નથીને?

બિનશૈક્ષણિક પરિવાર ને સોંપેલ ટેબલ પણ એક નાનું ટ્રે મુકાવીને તેને 'પડતર {પેન્ડિંગ} પત્રોની ટ્રે' એવું નામ આપી દેવાય. અને આવતાં-જતાં તે પત્રોની સંખ્યા પર નજર નાખતા જવાય.

હરતાં ફરતાં પ્રયોગશાળામાં વપરાયેલ રસાયણોના જથ્થાને તપાસીને કે સાધનોને ચડેલી રજ પર હાથ ફેરવીને પણ મૂલ્યાંકન થાય. વર્ગ પુસ્તકાલય, શિક્ષક પુસ્તકાલય અને સામાન્ય પુસ્તકાલયના નોંધણી રજીસ્ટર પણ મૂલ્યાંકનમો ભાગ ગણાય જ ને ?

મિત્રો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની એક વ્યાખ્યા છે કે 'તે શિકારી શ્વાન નહિ પણ વફાદાર શ્વાન બની રહે.' આપણા મૂલ્યાંકનનું પણ તેવું જ છે. ઉત્તમ મૂલ્યાંકન એ જ, જે આવતીકાલને વધુ સારી બનાવવાની દિશા આપે.

અને છેલ્લે એક વાત... શાળાના બધાં પાસાંના સુયોગ્ય મૂલ્યાંકનની યોજના ચોક્કસ શ્રેષ્ઠ બનાવીએ પણ છેવટે સ્વયં સ્વમૂલ્યાંકન કરવાનું ન ભુલાય. અસ્તુ.

# શિક્ષક એક પ્રકાશપુંજ દીપક... જે જ્ઞાન પ્રગટાવે ....!

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

એક સારો શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકનો પાઠ ભણાવતો વ્યક્તિ નથી, પરંતુ તે પ્રકાશપુંજ સમાન માર્ગદર્શક છે, જે વિદ્યાર્થીના અંતરમાં જ્ઞાનની દીવાદાંડી પ્રગટાવે છે. શિક્ષકનો મૂળ હેતુ માત્ર માહિતી આપવાનો નથી, પરંતુ જ્ઞાન ક્યાંથી મેળવવું, કેવી રીતે મેળવવું અને જીવનમાં તેનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો – તે શીખવવાનો છે. સાચા અર્થમાં શિક્ષક એ "માર્ગ બતાવનાર" છે, જે વિદ્યાર્થીને પોતાના પગ પર ઉભા રહેવા અને સ્વયં જ્ઞાન અર્જિત કરવાની પ્રેરણા આપે છે.

**શિક્ષક : જ્ઞાનનો પ્રજ્વલિત દીવો...**

શિક્ષક સમાજનો એ શિલ્પકાર છે, જે કાચા પથ્થરને ઘસીને મૂર્તિ બનાવે છે. વિદ્યાર્થીમાં રહેલી શક્તિઓ ઘણીવાર અજાણી રહેતી હોય છે, પરંતુ સારો શિક્ષક તે શક્તિઓને ઓળખે છે, સમજે છે અને તેને યોગ્ય દિશામાં વાળે છે. શિક્ષકનું કાર્ય માત્ર વિષય ભણાવવાનું નથી; તે તો વિદ્યાર્થીના મનમાં વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સંશોધનની તલપ જગાવવાનું છે. વિદ્યાર્થીને "શું વિચારવું" એ શીખવવું સરળ છે, પરંતુ "કેવી રીતે વિચારવું" એ શીખવવું સાચા શિક્ષકનું કામ છે. જ્યારે વિદ્યાર્થી પ્રશ્ન પૂછવાનું શીખે છે, શોધખોળ કરવાનું શીખે છે અને સ્વયં ઉત્તર શોધે છે – ત્યારે જ સાચું શિક્ષણ ફૂલે-ફાલે છે.

**જ્ઞાન ક્યાંથી મેળવવું : શિક્ષકનું માર્ગદર્શન.**

જ્ઞાન માત્ર પાઠ્યપુસ્તકમાં સીમિત નથી.. સમગ્ર વિશ્વ જ્ઞાનનો ખજાનો છે. સારો શિક્ષક વિદ્યાર્થીને બતાવે છે કે –

પુસ્તક માત્ર શરૂઆત છે, અંત નથી.. પ્રકૃતિ એક જીવંત પુસ્તક છે.

અનુભવો સૌથી મોટા ગુરુ છે. પ્રશ્નો જ જ્ઞાનના દ્વાર ખોલે છે.

વાંચન, વિચાર અને ચર્ચા જ્ઞાનને ઊંડાણ આપે છે.

જ્યારે શિક્ષક વિદ્યાર્થીઓને લાઈબ્રેરી તરફ દોરી જાય છે, સંશોધન માટે પ્રોત્સાહિત કરે છે, ચર્ચા અને તર્ક માટે અવકાશ આપે છે – ત્યારે જ સાચી જ્ઞાનયાત્રા શરૂ થાય છે.

**કેવી રીતે જ્ઞાન મેળવવું : શીખવાની કળા...**

સાચો શિક્ષક વિદ્યાર્થીને ભણવાનું નહીં, પરંતુ શીખવાનું શીખવે છે. તે જણાવે છે કે—ધ્યાનપૂર્વક સાંભળવું જ શીખવાની પ્રથમ પાયડી છે. પ્રશ્ન પૂછવાથી સમજ ઊંડાય છે. નોંધો બનાવવાથી વિચાર સ્પષ્ટ થાય છે. ચર્ચા અને સહભાગિતાથી જ્ઞાન વિસ્તરે છે.

ભૂલો શીખવાની શ્રેષ્ઠ તક છે.

શિક્ષક વિદ્યાર્થીને આત્મવિશ્વાસ આપે છે કે "તમે કરી શકો છો." તે ડર દૂર કરે છે, શંકા દૂર કરે છે અને નિષ્ફળતાને સફળતાની સોપાન બનાવી આપે છે.

**વિદ્યાર્થીની શક્તિઓની ઓળખ : શિક્ષકનું મહત્ત્વપૂર્ણ કાર્ય**

દરેક વિદ્યાર્થી અનોખો છે. કોઈમાં સર્જનાત્મકતા છે, કોઈમાં તર્કશક્તિ, કોઈમાં નેતૃત્વ, કોઈમાં સંવેદનશીલતા. સારો શિક્ષક દરેક વિદ્યાર્થીને સમાન રીતે નહીં, પરંતુ તેની ક્ષમતાને અનુરૂપ માર્ગદર્શન આપે છે.

શિક્ષક – કમજોર વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ ભરે છે.

તેજસ્વી વિદ્યાર્થીને પડકાર આપે છે... શાંત વિદ્યાર્થીને બોલતા શીખવે છે.. ઉતાવળિયા વિદ્યાર્થીને ધીરજ શીખવે છે.. નિરાશ વિદ્યાર્થીમાં આશા જગાવે છે... શિક્ષક જાણે છે કે દરેક વિદ્યાર્થીમાં એક દીવો છે—માત્ર તેને પ્રગટાવવાની જરૂર છે.

**શિક્ષક : માર્ગદર્શક અને પ્રેરક**

શિક્ષક માત્ર ભણાવતો નથી—તે જીવતો ઉદાહરણ છે. તેના શબ્દો કરતાં તેનું વર્તન વધુ શીખવે છે. શિક્ષકની નિષ્ઠા, સમયપાલન, શિસ્ત, સહાનુભૂતિ અને સત્યનિષ્ઠા—આ બધું વિદ્યાર્થીઓના જીવનમાં ઊંડો પ્રભાવ પેદા કરે છે.... વિદ્યાર્થીઓ શિક્ષક પાસેથી માત્ર વિષયજ્ઞાન નહીં, પરંતુ જીવન જીવવાની કળા શીખે છે. શિક્ષક તેમને શીખવે છે—સત્યનો માર્ગ.... મહેનતનો મહિમા.. સંસ્કાર અને મૂલ્યો... જવાબદારી અને કર્તવ્ય... માનવતા અને સહાનુભૂતિ

**શિક્ષણ : માહિતી નહીં, પરિવર્તન...**

સાચું શિક્ષણ વ્યક્તિને બદલાવે છે. શિક્ષકનો સ્પર્શ વિદ્યાર્થીના વિચાર, વલણ અને જીવનદૃષ્ટિ બદલાવે છે. જ્યારે શિક્ષક વિદ્યાર્થીમાં વિચારશક્તિ જગાવે છે, ત્યારે સમાજમાં જાગૃતિ ફેલાય છે. શિક્ષક સમાજનો મૌન ક્રાંતિકારી છે.

**પ્રેરણાદાયી શિક્ષકની ઓળખ**

એક પ્રેરણાદાયી શિક્ષક—પોતે સતત શીખતો રહે છે. વિદ્યાર્થીઓને પ્રેમથી માર્ગદર્શન આપે છે. પ્રશ્નોને પ્રોત્સાહિત કરે છે. નિષ્ફળતામાંથી શીખવાનું શીખવે છે. જ્ઞાન પ્રત્યે ઉત્સાહ જગાવે છે.

વિદ્યાર્થીને સ્વતંત્ર વિચારો માટે પ્રેરિત કરે છે.

**શિક્ષક : રાષ્ટ્રના ભવિષ્યનો શિલ્પકાર**

એક સારો શિક્ષક માત્ર એક વર્ગને નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના ભવિષ્યને ઘડે છે. તેના હાથમાં ભવિષ્યની પેઢી છે. જ્યારે શિક્ષક જ્ઞાનનો દીવો પ્રગટાવે છે, ત્યારે અંધકાર દૂર થાય છે. એક શિક્ષક સેકડો જીવન બદલી શકે છે. સાચા અર્થમાં શિક્ષક એ નથી જે પાઠ્યપુસ્તક પૂરુ કરાવે; શિક્ષક એ છે જે વિદ્યાર્થીના અંતરમાં જ્ઞાનની તરસ જગાવે. તે બતાવે છે કે જ્ઞાન ક્યાં છે, કેવી રીતે મેળવવું અને જીવનને કેવી રીતે ઉજાસમય બનાવવું. શિક્ષક માર્ગ છે, પ્રકાશ છે, પ્રેરણા છે. પ્રેરણાદાયી શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને કહે છે – “હું તમને બધું શીખવી શકું તે જરૂરી નથી, પરંતુ હું તમને શીખવા શીખવી શકું—અને એ જ સાચું શિક્ષણ છે.”

આવો શિક્ષક સમાજ માટે આશીર્વાદ છે, અને આવું શિક્ષણ જ માનવતાનું સાચું ઉજાસ છે.

# શાળા વિકાસમાં આચાર્યની ભૂમિકા અને ગુણો

- પ્રિ. રસિકભાઈ ડી. ઝાંઝમેરા
પી.એમ. ભગત માધ્યમિક શાળા,
કતારગામ, સુરત.
(મો.) ૯૯૭૪૪ ૪૫૪૧૧

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય એ માત્ર એક વહીવટી વડા નથી, પરંતુ તેઓ શિક્ષણની વ્યવસ્થાના 'કેપ્ટન' અને રાષ્ટ્રના ભાવિ ઘડતરના પાયાના પથ્થર છે. રાષ્ટ્ર નિર્માણ અને શિક્ષણના ઉત્થાનમાં તેમની ભૂમિકા અત્યંત ગહન અને બહુઆયામી છે. તેમજ શાળાની શૈક્ષણિક ગુણવત્તાના મુખ્ય સૂત્રધાર છે. જેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) જેવા સુધારાઓને પાયાના સ્તરે લાગુ કરવા અને ગોખણીયા જ્ઞાનને બદલે કૌશલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકવો. શિક્ષકોને સતત પ્રોત્સાહન પૂરું પાડી તેમને આધુનિક ટેકનોલોજી અને શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ કરવા જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. તેમજ કહેવાય પણ છે કે શાળાએ સંસ્કારોનું ધામ છે, અને આચાર્ય તેના રક્ષક છે. ત્યારે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, લોકશાહીના મૂલ્યો અને નાગરિક તરીકેની ફરજોનું સિંચન કરવું તથા વિદ્યાર્થીઓમાં નૈતિકતા, પ્રમાણિકતા અને સામાજિક જવાબદારીના ગુણો કેળવવા જેથી તેઓ ભવિષ્યમાં આદર્શ નાગરિક બની શકે. તેની સુપેરે જવાબદારી પૂરી નિષ્ઠા સાથે નિભાવી રહ્યા છે ત્યારે આચાર્ય એ શાળા અને સમાજ (વાલીઓ) વચ્ચેના સેતુ સમાન કાર્ય કરી બાળકના વિકાસ માટે વાલીઓને સહભાગી બનાવવા અને તેમને શિક્ષણના મહત્ત્વ વિશે જાગૃત કરવા સ્થાનિક સમાજની જરૂરિયાતોને સમજી શાળાને સામાજિક પરિવર્તનનું કેન્દ્ર બનાવવી જેવી અનેક બાબતો અંગે આચાર્ય કાર્ય કરી રહ્યા છે. ટૂંકમાં કહીએ તો આચાર્ય જ્યારે પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક બજાવે છે, ત્યારે તેઓ માત્ર એક શાળા નથી ચલાવતા, પણ એક સુસંસ્કૃત અને સક્ષમ પેઢીનું નિર્માણ કરે છે, જે અંતે "સમૃદ્ધ ભારત"ના નિર્માણમાં પરિણમે છે.

નેટવર્ક (Network) હાર્ડવર્ક (Hard Work) હાર્ટવર્ક (Heart Work) અને સ્માર્ટ વર્ક (Smart Work) ના ગુણો આચાર્યમાં અપેક્ષિત છે.

**Network (નેટવર્ક) - (સંબંધો દ્વારા શાળાનો વિકાસ)**

નેટવર્ક એટલે વિવિધ વ્યક્તિઓ, સંસ્થાઓ અને વિભાગો સાથે સકારાત્મક અને કાર્યકારી સંબંધો સ્થાપિત કરવા દા.ત.-આચાર્ય જિલ્લા શિક્ષણ અધિકારી, CRC/BRC સાથે નિયમિત સંપર્કમાં રહે નવી શૈક્ષણિક યોજનાઓ, તાલીમ અને માર્ગદર્શન શાળાને તરત મળે. સ્થાનિક ઉદ્યોગપતિ/દાતાઓ સાથે સારો સંબંધ સ્થાપિત કરી શાળામાં સ્માર્ટ ક્લાસ, લાઇબ્રેરી કે રમતગમતની સુવિધા ઉપલબ્ધ થાય. વાલીઓ સાથે PTA મીટિંગ અને વોટ્સએપ ગ્રુપ દ્વારા  વિદ્યાર્થીઓની હાજરી, શિસ્ત અને પરિણામમાં સુધારો લાવી શકાય. આમ જેટલુ નેટવર્ક (સંબંધ) વધુ તેમ શાળામાં સંસાધન વધુ મળી રહેશે. શાળાની પ્રતિષ્ઠામાં વધારો થશે.અને જયારે શાળામાં કોઈ સમસ્યા ઉભી થશે ત્યારે તે સંકટ ના સમયે સમાજ-વાલીઓ શાળા સાથે ઉભા રહી ઝડપથી સહયોગી બનશે.

**Hard Work (હાર્ડ વર્ક) - (આચાર્યનું શ્રમ અને સમર્પણ)**

આચાર્ય પોતાની ફરજ માત્ર કાગળ પર નહીં પરંતુ જમીન પર ઉતારે તે હાર્ડ વર્ક છે. દા.ત. - બોર્ડની પરીક્ષા નજીક આવે ત્યારે આચાર્ય વહેલા આવે, મોડા જાય અને રિવિઝન ક્લાસ, પરીક્ષા આયોજન જાતે ચકાસે.તથા શાળામાં શિસ્તભંગ થાય ત્યારે “આ મારી જવાબદારી નથી” એમ ન કહીને જાતે તપાસ કરે. અને શિક્ષકોની અછત હોવા છતાં સમયપત્રક જાતે ગોઠવી શિક્ષણ વ્યવસ્થા ચાલુ રાખે ત્યારે આચાર્ય ખુદ સમર્પિત થશે તો શાળાના શિક્ષકોમાં પણ ચોક્કસ તેમનામાંથી પ્રેરણા મળશે અને શિક્ષકો પણ તેમના કાર્યને અનુરૂપ સમર્પિત થઈને કાર્ય કરશે. અને શાળાના વિદ્યાર્થીઓ શિસ્ત જેવી બાબતોને ગંભીરતાથી સમજશે. એકંદરે આચાર્યનું શ્રમ અને સમર્પણના ગુણથી શાળાની કાર્ય સંસ્કૃતિ પણ મજબુત બનશે.

**Heart Work (હાર્ટ વર્ક) - (માનવીય સંવેદનાથી નેતૃત્વ)**

હાર્ટ વર્ક એટલે નિયમ સાથે સંવેદનાનો સંતુલિત ઉપયોગ. જેમ કે કોઈ ગરીબ વિદ્યાર્થી ફી ભરવામાં અસમર્થ હોય ત્યારે આચાર્ય - સ્ટાફ અને દાતાઓ સાથે વાત કરી મદદની વ્યવસ્થા કરે. અથવા કોઈ શિક્ષક વ્યક્તિગત તણાવમાં હોય તે સમયે આચાર્ય તેને સાંભળે, સમય આપે અને માનવીય સહારો આપે.તેમજ પરીક્ષામાં નબળું પરિણામ લાવનાર વિદ્યાર્થીને ઠપકો નહીં પરંતુ માર્ગદર્શન આપે ત્યારે શાળાનું ભાવાવરણ સંવેદનશીલ બનશે. તેનાથી શાળા પરિવારમાં આત્મીયતા અને પરસ્પર વિશ્વાસ વધશે

અને સાથે સાથે વિદ્યાર્થીઓમાં ભય નહિ પણ આત્મવિશ્વાસ પ્રગટ થશે. અને શિક્ષકો પણ પૂરી નિષ્ઠા અને ખંતથી કાર્ય કરતા થશે.

**Smart Work (સ્માર્ટ વર્ક) - (સમજદારીથી કામ કરવાની રીત)**

જ્યારે અગવડમાં પણ સગવડની અનુભૂતિ કરે જેમ કે શાળામાં ઓછા સંસાધનમાં કે ઓછી ભૌતિક સુવિધા હોય તો પણ વધુ અસરકારક પરિણામ લાવવું એ પણ સ્માર્ટ વર્ક છે.તેમજ શાળાનો તમામ રેકોર્ડ ડીજિટલ દસ્તાવેજ રૂપે રાખે તથા શાળાના શિક્ષકોને તેમની ક્ષમતાનુસાર જવાબદારી આપે જેથી કર્મચારીને પોતાની ક્ષમતા અને રસ - રૂચી મુજબ કાર્ય મળવાથી કામ ઝડપથી અને સારી રીતે થશે. આમ સમજદારીથી કામ કરવાથી સમય અને શક્તિનો બચાવ થશે અને શિક્ષકો પર અનાવશ્યક કાર્યનો બોજ આવશે નહિ અને તેના પરિણામે શાળાની કાર્યક્ષમતામાં વધારો થશે.

અંતે **સંયુક્ત ઉદાહરણ (ચારેય ગુણો સાથે) :**

આચાર્ય જો

- સંપર્કમાં મજબૂત (Network)
- મહેનતી (Hard Work)
- સંવેદનશીલ (Heart Work)
- સમજદાર (Smart Work)

હોય, તો શાળા માત્ર ભણતરનું સ્થળ નહીં પરંતુ મૂલ્યવાન માનવ ઘડતરનું કેન્દ્ર બને છે.

# શાળાના પ્રયોગો : શાળા પુસ્તકાલય ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધન

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

**સમસ્યા : વિદ્યાર્થીઓ શાળા પુસ્તકાલયનો ઉપયોગ સંતોષકારક કરતા નથી.**

**ક્ષેત્ર : શાળામાં વાચન સવલત - પુસ્તકાલય વિકાસ**

**ઉદ્દેશો** :

(1) વિદ્યાર્થીઓ વર્ગમાં અપાતા વિવિધ વિષયોના શિક્ષણમાં પુસ્તકાલયનાં પુસ્તકોનો ઉપયોગ કરે.

(2) વિદ્યાર્થીઓની સ્વતંત્ર વિચારશક્તિ ખીલે. જાતે અભ્યાસ કરી ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં અવનવી માહિતી મેળવે.

(3) વિદ્યાર્થીઓ પુસ્તકો અને સામયિકોમાંથી જરૂરી માહિતી ભેગી કરી, તેનું પૃથક્કરણ કરી, તારવણી કરી, ફલક પર મૂકે.

(4) વિદ્યાર્થીઓ નવરાશના સમયનો સદુપયોગ કરે.

(5) વિષયશિક્ષકો, વિષયશિક્ષણને સમૃદ્ધ બનાવવા સંદર્ભગ્રંથો તરીકે પુસ્તકાલય અને વાંચનાલયના સાહિત્યનો ઉપયોગ કરે.

**પદ્ધતિ** :

શિક્ષકોની સભામાં પુસ્તકાલયના ઇન્ચાર્જ શિક્ષક શ્રી હરીશ કોઠારીએ ઉપરોક્ત સમસ્યા ચર્ચાના એરણ પર મૂકી. ભાષાઓ, સમાજવિદ્યા, વિજ્ઞાન, ગણિત અને ચિત્ર, વ્યાયામના શિક્ષકોએ ચર્ચામાં ભાગ લઈ રસ લીધો.

દરેક વિષયમાં પ્રાયોગિક શિક્ષણ – દા.ત., વિજ્ઞાનના પ્રયોગો, ગણિતનાં સૂત્રો, ભૂગોળમાં નકશાપૂરણી તથા સમય ગણતરી, વ્યાયામના દાવ, યોગ, ચિત્ર કાર્ય, કલા વૈવિધ્ય વગેરે બાદ કરાતં સૈદ્ધાંતિક શિક્ષણને લગતાં એકમો વિદ્યાર્થીઓ સ્વયં શીખે એવું નક્કી કર્યું. શ્રેણી 9 (અ) (બ) વર્ગોને પ્રાયોગિક અને અંકુશિત વર્ગોમાં વિભાગીકરણ કર્યું.

ધોરણ 9 (અ)ના જૂથને પુસ્તાકલયની પ્રવૃત્તિઓ અપાઈ. ધોરણ 9 (બ)ના જૂથને પ્રવૃત્તિમાં યથાવત રહેવા દીધી. (અ) જૂથને પુસ્તકાલયમાંના પુસ્તકોની યાદી તથા તેને લગતા, તેમાં સમાવાતા સાહિત્યનો ખ્યાલ આપ્યો. નક્કી કરેલા એકમો પર વિષયશિક્ષકોએ એકમ પરથી પુસ્તકાલયના ઉપયોગથી હલ કરી શકાય એવા પ્રશ્નોનો સમૂહ તૈયાર કરી, પુસ્તકાલય ઇન્ચાર્જને આપ્યો. વિદ્યાર્થીઓને શાળાના સમય બાદ એક-એક કલાક આપવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ તેમને આપેલા પ્રશ્નોના ઉત્તર માટે નિયત પુસ્તકો ફેંદી,

જોઈ, વાંચી, વિચારી જરૂરી નોંધ કરતા થયા. વળી વિષયશિક્ષકો તેમની નોંધો ઠીકઠાક કરવામાં મદદ કરતા.

**મૂલ્યાંકન :**

છ માસના પ્રયોગ દરમિયાન બેથી ત્રણ વખત વિદ્યાર્થીઓને પુસ્તકાલયના પુસ્તકો, વાંચલનાયના સામયિકો અને ઇતર સાહિત્ય પરથી સ્વાધ્યાયો અપાયા. વળી વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ આપી તેમની પાસેથી જવાબો મેળવ્યા.

**પરિણામ :**

(1) પ્રાયોગિક જૂથ દ્વારા પુસ્તકાલયનો શાળામાંની નાની-મોટી રિસેસમાં પણ ઉપયોગ કરતા થયા. રજા પરના વિષયશિક્ષકના ફ્રી તાસમાં પુસ્તાકાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરતા જણાયા. અંકુશિત જૂથમાં પુસ્તકાલયનાં સદવ્યય માટે ઉત્તેજના જાગી. પરિણામે તેઓ પણ અવારનવાર ઉપયોગ કરવા માંડ્યા. (2) શાળાના અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ કરતાં ધોરણ 9ના વિદ્યાર્થીઓ (પ્રયોગ વર્ગના) પોતાને ઘેર પુસ્તકો, ગ્રંથપાલ પાસે નિયત કાર્ડમાં નોંધાવી, ઘરે લઈ જઈ પુસ્તકો, સામયિકોનો ઉપયોગ કરવા માંડ્યા. શિક્ષિત વાલીઓને જણાવતાં તેઓ પણ શાળાના પુસ્તકાલયનાં પુસ્તકોનો લાભ લેતા થયા. સ્કૂલ લાઈબ્રેરી, પબ્લિક લાઈબ્રેરી બનવા માંડી. (3) વિદ્યાર્થીઓ સુવિચાર, સમાચાર, ગીતગાયન, પ્રસંગ રંગ, વિચાર-વિસ્તાર વગેરેની રજૂઆતમાં સાહિત્યિક ભાષાનો ઉપયોગ કરતા જણાયા. ભાષાશુદ્ધિ વિકસી. (4) શાળાના માહિતી ફલક, વિજ્ઞાન ફલક, ગણિત ફલક, ચિત્ર ફલક, વ્યાયામ ફલક અને સમાજવિદ્યા ફલક પરની રજૂઆતોમાં વૈવિધ્ય સ્પષ્ટ નજરે પડતું. (5) (અ) ચર્ચાસભાઓ, શૈક્ષણિક વાર્તાલાપો અને પ્રશ્નોત્તરીના કાર્યમાં વિદ્યાર્થીઓ ભાગ સારો લેતા. પરિણામે વર્ગમાં અપાતું વિષયશિક્ષણ, કંઈક અંશે સમૃદ્ધ થયાની વિષયશિક્ષકોના મન પર અસર પડી. (બ) વિદ્યાર્થીઓ કો'ક ગઝલ, હાયકુ, બાળવાર્તા લખતા અને ચિત્રો દોરતા થયા. (6) પ્રયોગની સફળતાને લઈ, બીજા વર્ગોમાં પણ આ પ્રયોગ ક્રમશઃ અજમાવાયો. (7) વિસ્તારની પ્રતિષ્ઠિત બી.એડ્. કોલેજ, મોડાસાના મૂલ્યનિષ્ઠ શિક્ષણવિદ્ પ્રિ. ડૉ. દાઉદભાઈ ઘાંચી સાહેબે સદર પ્રોજેક્ટની સરાહના કરી. શિક્ષક અને આચાર્યશ્રીને કોલેજમાં નિમંત્રી તાલીમાર્થીઓ સાથે સંવાદ રચી આવકાર આપ્યો. શાળાની શૈક્ષણિક પ્રયોગશીલતાને પ્રશંસા બક્ષી. (8) રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠાએ સફળતા બદલ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા. (9) 'સંશોધન સાર' પુસ્તિકા છપાવી શાળાએ ઉપાડેલ અને રાજ્ય શિક્ષણ ભવન તથા એન.સી.ઈ.આર. ટી.ના પ્રોત્સાહક અલ્પ અનુદાનથી ઉપાડેલ શૈક્ષણિક પ્રયોગોને અન્ય શાળાઓ સુધી પહોંચાડવામાં શિણોલ કેળવણી મંડળનો સહયોગ નોંધપાત્ર રહ્યો.

નોંધ 1970થી 1985 વચ્ચેના સમયગાળામાં સેવા વિસ્તરણ કેન્દ્ર, વલ્લભવિદ્યાનગર અને રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદ તથા નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન રીસર્ચ ટ્રેઇનિંગ, દિલ્હી દ્વારા આવા શૈક્ષણિક પ્રયોગો-પ્રોજેક્ટને પ્રેરક અલ્પ અનુદાન દઈ પ્રેરણા મળતી.

(સંદર્ભ : 'સંશોધન-સાર' પુસ્તિકા, વર્ષ 1974-75)

**ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર**

Aum Imagineering Pvt. Ltd.

## School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીના જી.આર. વિગતો અને વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની શાળા, ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ ફી ની તમામ વિગતો અને ફી ના તમામ પત્રકો
- વિવિધ પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- કર્મચારીઓની અને પગારની તમામ વિગતો અને પત્રકો
- SMS હાજરી, ફી, જન્મદિવસ, પરિણામ ને લગતા મેસેજ અને કસ્ટમ મેસેજ

**અમારા અન્ય સોફ્ટવેર**

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટિંગ સિસ્ટમ
- લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ

**Tally Accounting Software Certified Partner**

TALLY CERTIFIED PARTNER 3 Star Sales & Implementation | Tally POWER OF SIMPLICITY




## My School (મોબાઇલ એપ)

- એક સરળ અને સુરક્ષિત સ્કૂલ–પેરન્ટ કનેક્ટ એપ છે, જે દ્વારા પેરન્ટ્સને તેમના બાળકની હાજરી, હોમવર્ક, પરીક્ષા સમયપત્રક, સર્ક્યુલર, નોટિસ, સ્કૂલ ઇવેન્ટ્સ અને અન્ય તમામ મહત્વની માહિતી એક જ પ્લેટફોર્મ પર તરત નોટિફિકેશન સાથે મળી રહે છે; સાથે-સાથે શિક્ષકો દ્વારા શેર કરાયેલ સ્ટડી મટિરિયલ (દસ્તાવેજો, ફોટો, વિડિયો અને વેબ લિંક્સ) પણ જોઈ શકાય છે, જેના કારણે પેરન્ટ-ટીચર કોમ્યુનિકેશન, વિદ્યાર્થીની પ્રોગ્રેસ ટ્રેકિંગ અને સ્કૂલનું એડમિનિસ્ટ્રેશન કામ વધુ સુવ્યવસ્થિત અને સમય બચાવનાર બને છે.

## ટાઈમ અટેન્ડન્સ સિસ્ટમ

- બાયોમેટ્રિક "ફેસ–ફિંગરપ્રિન્ટ–કાર્ડ–પિન" આધારિત હાજરી અને એક્સેસ કંટ્રોલ મશીન, જેના ઉપયોગથી શાળા–કોલેજ, ઓફિસ, ફેક્ટરી જેવી સંસ્થાઓમાં કર્મચારીઓના આવવા-જવાના સમયની ચોક્કસ નોંધ રાખી શકાય છે અને સાથેમાં ૪૦ જેટલા વિવિધ વિગતવાર રિપોર્ટ પણ સરળતાથી મેળવી શકાય છે.





## Website Designing

- શાળા-કોલેજ, વ્યવસાયિક વેબસાઇટ ડેવલપમેન્ટ દ્વારા આપના ઑનલાઇન ઇમેજને મજબૂત બનાવી વધુ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મદદરૂપ થશે.
- મોબાઇલ-ફ્રેન્ડલી અને ઝડપી લોડ થતી ડિઝાઇન સાથે, અદ્યતન સુરક્ષિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારી જરૂરિયાતોને અનુરૂપ સંપૂર્ણ રીતે કસ્ટમાઇઝ્ડ વેબસાઇટ

**"અમારા પ્રિય જૂના ગ્રાહકો માટે ખાસ ભેટ**
**હવે ઓફલાઇન સ્કૂલ સોફ્ટવેર પરથી ક્લાઉડ સ્કૂલ મેનેજમેન્ટ પર અપગ્રેડ કરો**
**અને મેળવો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથે વધુ ઝડપ, સુરક્ષા અને સુવિધા!"**
**તો આ ઓફરનો લાભ મેળવવા આજે જ અમારો સંપર્ક કરો**
**આભાર**

SPECIAL OFFER

**Aum Imagineering Pvt. Ltd.**

602-603A, Shapath - 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad

Ph : +91 79 40054004, +91 79 35336235 Mobile : 76000 01219, 76000 02403, 98258 47773

www.aumimagineering.com E-mail : info@auminfosys.com

# ખેડા જિલ્લા આચાર્ય સંઘ અધિવેશનની તસ્વીરી ઝલક...









# ખેડા જિલ્લા આચાર્ય સંઘ અધિવેશનની તસ્વીરી ઝલક...






રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, ભાનુપ્રસાદ એ. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.